Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૪ મું.
અંક ૭ મો.

આશ્વિન.
સંવત ૧૯૭૪.

## अनुक्रमणिका

→※०:०:०※←

૧ [illegible] (પદ્ય) લે. ભીખાભાઈ છગનલાલ. ... ૧૯૯
૨ શ્રી રકાણા પાર્શ્વનાથનું સ્તવન. [મુ. વલ્લભવિજયજી કૃત] ૨૦૦
૩ મોહરાજાની અચિંત્ય શક્તિ [ ઓધવજી ગીરધર ] પદ્ય. ૨૦૧
૪ શ્રાવકધર્મવિધિ. પંચાશક પહેલાનું ભાષાંતર (સ. ક. વિ.) ૨૦૨
૫ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય (તંત્રી) .... .... ૨૧૧
૬ પ્રશ્નોત્તર (પ્રશ્નકાર ઓધવજી ગીરધર) .... .... ૨૧૬
૭ મહાપુરૂષોના વિચારરત્નો ( જયંતિલાલ છબીલદાસ ) ૨૨૨
૮ પુસ્તકોની પહોંચ. .... .... .... .... .... ૨૨૪
૯ કાયમ વપરાતા શબ્દમાં સુધારો .... .... .... ૨૨૫
૧૦ સમયોચિત ઉપયોગી સૂચનાઓ. ( લાલચંદ નેમચંદ ) ૨૨૬
૧૧ ચિદાનંદજી કૃત બહોંતેરીનું પદ સોળમું. સત્તરમું. સાર્થ.
( સ. ક. વિ. ) ૨૨૮
૧૨ ઉપધાન ક્રિયા. .... .... .... .... .... .... ૨૩૦

પ્રગટ કર્તા.
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. [illegible]
પોસ્ટેજ રૂ [illegible]

ભાવનગર-'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મટુલાલ લશ્કરભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तकप्रसिद्धि खातुं.

### ૧ છપાય છે.

૧ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી.
૨ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા. ભાષાંતર–વિભાગ ૨ જો.
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી.
૪ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭–૮–૯ (આવૃત્તિ ત્રીજી.)
૫ શ્રી વર્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય ( જૈનધર્મપ્રકાશમાંથી )

### ૧ તૈયાર થાય છે.

૭ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૮ શ્રી પ્રકરણ પુષ્પમાળા વિભાગ ૨ જો. ( નાના નાનાં પ્રકરણો–સાર્થ. )
૯ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૧૦ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

## અંતરિક્ષ સંબંધી કેશમાં ફતેહ.

નાગપુરથી એક ખબરપત્રી તા ૧ લી અકટોબરના પત્રમાં જણાવે છે કે—મહા પ્રભાવિક પ્રસિદ્ધ જૈન શ્વેતાંબર તીર્થ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજી મહારાજ સંસ્થાન શીરપુરના સંબંધમાં દિગંબરો અને શ્વેતાંબર જૈનો વચ્ચે ૧૪ વરસથી જે ઝઘડો કોર્ટમાં ચાલતો હતો. તેની અપીલનો છેવટનો ચુકાદો નાગપુરની જ્યુડીશીયલ કમીશનરની કોર્ટમાંથી બે જજોએ શ્વેતાંબર સંઘના લાભમાં આપ્યો છે. માગણી પ્રમાણે મૂર્ત્તિ મંદિર વિગેરે તમામ શ્વેતાંબર સંઘનાં ઠરાવી તેનો પૂર્ણ હક શ્વેતાંબરને આપ્યો છે. કેસનો ખર્ચ દિગંબરો ઉપર નાખવામાં આવ્યો છે.

## વાર્ત્તાના રસિયા માટે નાના નાના ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ જય વિજય કથા. | ૦–૩–૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦–૩–૦ |
| ૩ શુકરાજ ચરિત્ર. | ૦–૪–૦ | ૪ સરસ્વતી વિગેરેની કથા. | ૦–૪–૦ |
| ૫ સુરપાળ વિગેરેની કથા. | ૦–૩–૦ | ૬ યશોધર ચરિત્ર. | ૦–૬–૦ |
| ૭ બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦–૪–૦ | ૮ છ મોટી કથા. | ૦–૩–૦ |
| ૯ તેર કાઠીયાની કથા. | ૦–૩–૦ | ૧૦ ચંપક શ્રેણી ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૧ રતિસાર ચરિત્ર. | ૦–૩–૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૩ નળ દમયંતી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૪ સ્થૂળભદ્ર ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૫ સુરસુંદરી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦–૬–૦ |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂા. ૩) લેવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥
"જે કાલે કરવું હોય (શુભ કાર્ય) તે આજેજ અને તે પણ
ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત (બે ઘડી) પણ ઘણા
વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
(વિલંબ કરીશ નહીં.)

પુસ્તક ૩૯ મું.] આશ્વિન-સંવત ૧૯૭૯. વીર સંવત ૨૪૪૯. [અંક ૭ મો.

## વેષ ભવાઈનો.

(લેખક—ભીખાભાઈ છગનલાલ)

હરિગીત છંદ.

અણમોલ ક્ષણ આ ક્ષણિક જીવની[1], સમજ રજ તું માનવી,
અભિમાન તજ, શુભ જ્ઞાન સજ, શીદ કાર્ય કરતો દાનવી[2];
નરભવતણા આવારણા તે છે લળી લળી દેવતા,
ભવભ્રમણહર ઔષધ અહો ! વિપરીત રીતે સેવ કાં ? ૧
દુર્લભ કહ્યો દષ્ટાંત દશ, ભવ મનુજનો તે જો મળ્યો,
રાચ્યો પ્રમાદ વિષય વિષે, અમૃત ઘટ ધૂલિ ઢળ્યો;
જલ અંજલિ આયુષ્ય, પરપોટા સમાન શરીર આ,
લક્ષ્મી ગગનની વિજળી, અધિકાર પણ પલવારના. ૨
પ્રમદા પ્રિતમ પુત્રો પિતા જનની અને જાયા બધું,

1. જીવનની, 2. દૈત્ય કરે તેવાં—પાપવાળાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી મળ્યું તરૂ ડાળીએ ન્યમ પંખીનું ટોળું અહું;
મેળો મળ્યો બેળો, કર્યો વકરો નહિ જો પાઈનો,
ઉંચો લુંટાયો વ્યર્થ એ ભિક્ષુક વેષ[1] ભવાઈનો. ૩

—:—

# શ્રી વરકાણા પાર્શ્વનાથનું સ્તવન.

રાગ—સોરઠ.

**પ્રભુ દર્શન આનંદકારા, નિજ પાપકલંક પખારા. પ્રભુ૦ એ આંકણી.**

વરકાણા પારસ સુખ દાતા, સેવક સુખ કરનારા;
તારણ તરણ બિરૂદ હે થારા, સેવક પાર ઉતારા. પ્ર૦ ૧
કરૂણાસાગર કરૂણા કરકે, બળતા નાગ ઉગારા;
સેવકપર કરૂણા કરો સ્વામી, ચરણ શરણ તુમ ધારા; પ્ર૦ ૨
અપરાધી શઠ કમઠ હઠીલા, ઉસકો પણ તુમે તારા;
મેં સેવક ચરણોંકા ચાકર, આવાગમન નિવારા. પ્ર૦ ૩
દેવ અવર નિર્દોષ નહીં જગ, દેખ લિયા સંસારા;
કોઈ રાગી કોઇ દ્વેષી કામી, માને નહીં મન મ્હારા. પ્ર૦ ૪
અશ્વસેન વામાકે નંદન, ગંજન મદન વિકારા[2];
રંજન તનમન ભવિજન કેરા, ભંજન દુઃખ પહારા[3]. પ્ર૦ ૫
દૂરથકી ચલ કર મૈં આયા, પાયા તુમચા દિદારા[4];
ભવસિંધુ ગોપદસમ[5] માનું, જાનું પ્રભુ ઉપકારા. પ્ર૦ ૬
સંવત ઓગણીસો છાસઠમેં, વૈશાખ માસ મઝારા;
નવ સાધુસંગ દર્શન પાયા, ષષ્ઠી શુદિ રવિવારા[6]. પ્ર૦ ૭
દૂર દૂરથી યાત્રુ આવે, પાવે ફળ હિતકારા;
આતમલક્ષ્મી કારણ વલ્લભ[7], મનમેં હર્ષ અમારા. પ્ર૦ ૮

૧ ભવાયા વેષ કાઢે છે તેવો ખોટો—નકામો. ૨ કામદેવના વિકારનો નાશ કરનાર. ૩ દુઃખના પહાડ. ૪ તમારા દર્શન. ૫ ખાબોચીયાજેવો. ૬ સં.૧૯૬૬ ના વૈશાખ શુદિ ૬ રવિવારે. ૭ કર્ત્તાનું નામ મુનિ વલ્લભવિજયજી સૂચવ્યું છે.

—:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોહરાજાની અચિંત્ય શકિત.

**કલ્યાણકારી પ્રયાસમાં પણ જીવની કેવી વિટંબના થાય છે તેનો ખ્યાલ.**

**રાગ—બનજારાનો.**

અરે ! જીવ શાને માટે મુંઝે, સિંહ થઈ બકરીવત્ કેમ ધ્રુજે;
પરવશે પોતાનું ભુંજે, હિત આચરણા નવિ સૂઝે. અરે જી૦ ૧
બેઠો જગ એઠવાડ તું ચાવે, હિતકારી તુંને ન ભાવે;
પરાવર્ત અનંતા થાવે, મિથ્યા ટેવ અનાદિ સ્વભાવે. અરે જી૦ ૨
પરસંગે તું ભવદુઃખ લેવે, તે ત્હારી ખોટી ટેવે;
તન ધને મગ્ન થૈ રહેવે, પણ સાધકતા નવિ સેવે. અરે જી૦ ૩
પરભાવે ભયો તું લીન, કરી અકૃત્ય બન્યો દિન;
પ્રવર્તન ગુણથી ભિન્ન, ગઇ આતમ ઋદ્ધિ છિન્ન. અરે જી૦ ૪
નાથે વાર્યાં પાપ અઢાર, નવી વિરમ્યો તું તેથી લગાર;
ભરે ભવનો માથે ભાર, સેવી કુપથ્ય અહિતકાર. અરે જી૦ ૫
જે જે અંશે વિરમવું થાય, ઈસ્યો આતમ ગુણ પ્રગટાય;
ભાખે વીર જિનેશ્વર રાય, શ્રદ્ધે સંપત્તિ મિલે આય. અરે જી૦ ૬
વિણ શ્રદ્ધા અનંતો કાળ, ભવનાટક નાચ્યો બેહાલ;
જીવ ચાલ્યો અપુંઠી ચાલ, વધી ભવજંજીરની જાળ. અરે જી૦ ૭
મેરૂસમ ઢગલા કીધ, ઓઘા મુહપત્તિના બહુવિધ;
સર્વવિરતિ દ્રવ્યે લીધ, પણ કાર્ય ન થયું સિદ્ધ. અરે જી૦ ૮
સ્વદયા વિનાના એહ, ભવ ઘટાવે નહિ તેહ;
જીવગુણની જ્યાં નહિં લેહ, સંસાર ભ્રમણનું ગેહ. અરે જી૦ ૯
કૃત્યાકૃત્ય વિણ વિચાર, સેવે અવ્રત અનાચાર;
નર આયુ જાય અસાર, હિત હૈયે કેમ ન ધાર. અરે જી૦ ૧૦
સ્વદયાતણાં પરિણામ, નિજ ગુણ પ્રગટાવા ધામ;
સેવો સેવો આતમરામ, સ્વકાર્ય સિદ્ધિને કામ. અરે જી૦ ૧૧
અંતર ચિત્ત જે એ રાખે, તે અવિચળ સુખડાં ચાખે;
કરે કિરિયા આતમ સાખે, દિનાનાથ દયાનિધિ ભાખે. અરે જી૦ ૧૨
ભલે કરે કાર્ય અનેક, રાખે નિજ દયા વિવેક;
થાયે બંધન મુક્ત છેક, જો ધરશે જીવ એ ટેક. અરે જી૦ ૧૩
જીવ ! ગ્રહી શિખામણ સાર, નર ભવ મ ચૂક ગમાર;
ઉપહત આતમને ન માર, નિજ કર્મથકી થયો ઠાર. અરે જી૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ! મૂક વિકળતા હારી, સંસારચક્ર ભમ્યો ભારી.
બહુવિધ થઈ તુજ ખુવારી, હુવે કર વિરક્તતા પ્યારી. અરે જી૦ ૧૫
ઓધવજી ગીરધર. પોરબંદર.

—:o:—

# શ્રાવકધર્મવિધિ પ્રકરણ—પંચાશક પહેલું.

## ( શ્રીમાન્ હરિભદ્રસૂરિ કૃત. )

૧ ચરમ તીર્થંકર શ્રીવર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને, સમ્યકત્વાદિક ભાવાર્થ સહિત શ્રાવકધર્મ સૂત્ર તથા ટીકાના આધારે સંક્ષિપ્ત સરલ વ્યાખ્યા યુક્ત સૂત્રમર્યાદા મુજબ સંક્ષેપથી હું વર્ણવીશ. આદિ શબ્દથી શ્રાવકયોગ્ય પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત હું વખાણીશ. શ્રાવકધર્મના અભ્યાસી હોઈ, દશવિધ યતિધર્મનું પાલન કરવા લાયક થઈ શકે એ હેતુથી પ્રથમ શ્રાવકધર્મ પ્રકરણ કહીશ.

૨ અતિ તીવ્ર કર્મના વિનાશથી જે સાવધાન થઇ પરલોક હિતકારી જિનવચન યથાર્થ કપટ રહિતપણે સાંભળે છે તે અત્ર શ્રાવકધર્મવિચાર પ્રસ્તાવે પ્રધાન ઉત્કૃષ્ટ શ્રાવક લેખાય છે. તેમાં પ્રથમ લક્ષણથી અને ફળથી સમ્યકત્વનું નિરૂપણ કરે છે.

૩ મિથ્યાત્વ મોહનીય કર્મના દળનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી, સર્વજ્ઞકથિત જીવાદિક તત્ત્વોની યથાર્થ શ્રદ્ધારૂપ સમ્યકત્વ પ્રકટે છે; એટલે તેમાં અસત્ આગ્રહ–દુરાગ્રહ રહેતો નથી અને શુશ્રુષાદિક ગુણો અતિશય વધે છે. તે શુશ્રુષાદિક ગુણોનેજ શાસ્ત્રકાર વખાણે છે.

૪ સદ્બોધકારી ધર્મશાસ્ત્ર સાંભળવાની ભારે ઉત્કંઠા, શ્રુત–ચારિત્ર લક્ષણ ધર્મપ્રત્યે અત્યંત રાગ, અને યથાસમાધિ–પ્રસન્નતાપૂર્વક દેવગુરૂની સેવા ભક્તિ કરવામાં અતિ આદર સમકિત પ્રાપ્ત થયે થાયજ. ફક્ત અણુવ્રતાદિક વ્રતપ્રાપ્તિમાટે ભજના એટલે તે વ્રતો સમકિત પ્રાપ્ત થયે કદાચિત પ્રાપ્ત થાય અથવા ન પણ થાય. તે ભજનાનું કારણ કહે છે.

૫ તે અણુવ્રતની પ્રાપ્તિ તો સમકિત પ્રાપ્તિ યોગ્ય કર્મક્ષયોપશમની અપેક્ષાએ અધિકતર ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથીજ થવા પામે છે. અર્થાત્ પરિણામ ભેદથી સમકિતપ્રાપ્તિના નિમિત્તભૂત કર્મના ક્ષયોપશમ માત્રથી વ્રતપ્રાપ્તિ થવા ન પામે, પણ તેથી અધિકતર ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ બળથી વ્રતપ્રાપ્તિ થવા પામે. એજ વાતનું સમર્થન શાસ્ત્રકાર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ સમકિત પામ્યા પછી જ્ઞાનાવરણી વિગેરે કર્મોની બેથી નવ પલ્યોપમ સ્થિતિ ન્યૂન થયે છતે સંસારસાગર તરવાને નાવસમાન અણુવ્રતાદિક નિશ્ચે પ્રાપ્ત થાય છે. આયુષ્યવર્જિત મોહનીયપ્રમુખ સાતે કર્મોની પલ્યોપમની અસંખ્યાતમા ભાગે ન્યૂન એક કોડાકોડ સાગરોપમની સ્થિતિ ઉપરાંતની શેષ સઘળી કર્મસ્થિતિ યથાપ્રવૃત્તિકરણે કરી જીવ ખપાવે. પછી અપૂર્વકરણે કરી ગ્રંથિભેદપૂર્વક જીવ સમકિત પામે. પછી ૨ થી ૯ પલ્યોપમ જેટલી બાકીની કર્મસ્થિતિ ખપાવ્યાથી અણુવ્રતોનો લાભ થાય, અને સંખ્યાત સાગરોપમ જેટલી ચારિત્રમોહનીયની સ્થિતિ ખપાવ્યાથી ભાવથી મહાવ્રતોની પ્રાપ્તિ થઇ શકે. દ્રવ્યથી અણુવ્રત અને મહાવ્રતની પ્રાપ્તિ તો કર્મની સ્થિતિ વધારે હોવા છતાં પણ સંભવે છે. ( ટીકાકાર )

૭ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિક પાંચજ અણુવ્રતો જાણવા અને બીજા દિશિપરિમાણાદિક એ મૂળગુણરૂપ અણુવ્રતોનાજ પુષ્ટિકારક ગુણવ્રત અને શિક્ષાવ્રત રૂપ ઉત્તરગુણ જાણવા. તેમાં પ્રથમ અણુવ્રતનું સ્વરૂપ જણાવવા શાસ્ત્રકાર કહે છે.

૮ સ્થૂલ પ્રાણવધથી વિરમવારૂપ પ્રથમ અણુવ્રત છે. તે પ્રાણવધ સંકલ્પથી અને આરંભથી બે પ્રકારે થાય છે. તેમાં વધ કરવાની બુદ્ધિરૂપ સંકલ્પ અને ખેતી પ્રમુખ આરંભ એ બંને રીતે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત અંગીકાર કરનાર શ્રાવક સ્થૂલ પ્રાણવધને પ્રતિજ્ઞાપૂર્વક પરિહરે. આવશ્યક ચૂર્ણિમાં સંકલ્પથી સ્થૂલ પ્રાણવધ વિરમણની પ્રતિજ્ઞા કહી અને આરંભથી સ્થૂલ પ્રાણવધ વિગેરેની પ્રતિજ્ઞા કેમ કહી નહીં ? ગૃહસ્થ આરંભ વર્જી ન શકે માટે. સંકલ્પથી તો તે આગમ રીતે સ્થૂલ પ્રાણવધથી વિરમેજ. તેજ આગમોક્ત વધવર્જન વિધિ અને તેની ઉત્તર વિધિ દર્શાવતા સતા ગ્રંથકાર કહે છે.

૯ ધર્માત્મા ગુરૂ સમીપે ધર્મોપદેશનું શ્રવણ કરી વૈરાગ્ય ભીનો થયેલ શ્રાવક ચતુર્માસાદિક અલ્પકાળ પર્યંત કે લાંબો વખત જીવિતવ્ય પર્યંત ઉપર મુજબ સ્થૂલ પ્રાણવધ વિરતિની પ્રતિજ્ઞા કરીને તેના પાંચ અતિચારો ભાવશુદ્ધિવડે સમજીને તજે. તે પાંચ અતિચારો હવે જણાવે છે.

૧૦ ક્રોધાદિ કષાયવડે દૂષિત મનવાળો થઈ શ્રાવક પશુ કે મનુષ્યાદિકને વધ, બંધન, અંગચ્છેદ, અતિ ભાર આરોપણ તથા ભાતપાણીનો અંતરાય નિર્હેતુક ન કરે. ખાસ હેતુસર બંધાદિક કરતા છતાં સહૃદયપણાથી તે અતિચાર નથી.

૧૧ બીજા અણુવ્રતનાં કન્યા, ગૌ, ભૂમિ સંબંધી અસત્ય તથા થાપણમોસો અને કૂટ સાક્ષી એમ સ્થૂલ મૃષાવાદથી વિરમવાનું સંક્ષેપથી પાંચ પ્રકારે જાણવું. એના પાંચ અતિચાર કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ સહસા આળ ચઢાવવું, સ્વસ્ત્રી કે મિત્રાદિકની ગુહ્ય વાત જાહેર કરવી, વિશ્વાસઘાત કરવો, ખોટો ઉપદેશ દેવો અને ખોટાં દસ્તાવેજ કરવા. એ બધા અજાણતાં કરે તો અતિચાર અને જાણી જોઈને કરે તો વ્રત ભંગ થાય. હવે ત્રીજું અણુવ્રત કહે છે.

૧૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ સચિત્ત-લવણાદિક, અચિત્ત-સુવર્ણાદિક સંબંધી એમ બે પ્રકારનું કહ્યું છે. તેમાં મિશ્ર-વસ્ત્ર અલંકારાદિ યુક્ત પુત્ર પુત્રી સંબંધી અદત્તાદાન સમાવેશિત થયેલું જાણવું. તેના પાંચ અતિચાર કહે છે.

૧૪ ચોરોએ ચોરી આણેલું કેશર પ્રમુખ લેવું, ચોરી કરાવવી, વિરૂદ્ધ રાજ્ય-સ્થાનમાં જવું, ખોટાં માન માપાં કરવાં, સારી નરસી વસ્તુનો ભેળ સંભેળ કરવો અને એવી હલકી મિશ્ર વસ્તુ સારી કહી વેચવી. ત્રીજા વ્રતની રક્ષા ઇચ્છનારે એ અતિચારો વર્જવા જોઈએ. હવે ચોથા અણુવ્રતનું નિરૂપણ કરે છે.

૧૫ ચતુર્થ અણુવ્રત મધ્યે ઔદારિક (મનુષ્ય અને પશુ સંબંધી) તથા વૈક્રિય (દેવ સંબંધી) દ્વીવિધ પરસ્ત્રીથી (ને પરપુરૂષથી) વિરમવાનું કહ્યું છે. તે સ્વદાર (ને સ્વપતિ) સંતોષ-વ્રત લેખાય છે. આ વ્રતના અતિચારો શાસ્ત્રકાર કહે છે.

૧૬ થોડા વખત માટે પોતે રાખેલી વેશ્યા તથા અન્યે ભાડે રાખેલી વેશ્યા કુલાંગના કે અનાથ સ્ત્રીનું સેવન, સ્ત્રી-પુરૂષ ચિન્હ શિવાયનાં સ્તન વદનાદિક અંગે અનંગ-ક્રીડા કરવી, પર વિવાહ સંબંધ જોડી દેવા અને કામભોગ-શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શના સેવનમાં અત્યંત આસક્તિ કરવી. એ સર્વે અતિચારો યથાસંભવ સ્વદાર (ને સ્વપતિ) સંતોષીને વર્જવા યોગ્ય છે. સ્ત્રીને પોતાની શોક્યના વારાના દિવસે સ્વપતિ અપરિગ્રહિત લેખાય, તેથી તેના વારાને ઉલ્લંઘી પતિને ભોગવતાં અતિચાર થાય અને બીજા તો અતિક્રમાદિકવડે અતિચાર થવા પામે છે. હવે પાંચમું અણુવ્રત વર્ણાણુ છે.

૧૭ અસત્ આરંભથી નિવર્તાવનારૂં ઇચ્છાપરિમાણ વ્રત, ચિત્ત-વિત્તાદિકને અનુસારે સ્વસ્વરૂચિ ને સ્થિતિ મુજબ ક્ષેત્રાદિક વસ્તુવિષયક લોઇ શકે છે—કરી શકાય છે. એના અતિચારો અનેક પ્રકારે શાસ્ત્રકારો કહે છે.

૧૮ ક્ષેત્રાદિ, રૂપ્ય-સુવર્ણાદિ, ધન-ધાન્યાદિ, દ્વિપદ-ચતુષ્પદાદિ તથા કુપદ ને આસનશયનાદિક ઘરવખરીનું જે પરિમાણ કર્યું હોય તેને અનુક્રમે એક બીજા સાથે જોડી દેવાવડે, બીજાને અમુક સંકેતથી સોંપી દેવાવડે, બાંધી મૂકવાવડે અથવા સાટું કરી સામાના ઘરે સ્થાપી રાખવાવડે, ગર્ભાધાન કરાવવા વડે તથા સ્વમતિકલ્પિત પર્યાયાંતર કરવા-કરાવવાવડે ઉલ્લંઘન કરનારને વ્રતની સાપેક્ષતાથી અતિચાર દૂષણ લાગે. તે યથાર્થ વ્રતની રક્ષા કરવા ઇચ્છનાર શ્રાવક વર્જે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ ઉંચે (પર્વતાદિક ઉપર), નીચે (વાવ-કુવાદિકમાં) અને તીરછું (પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ દિશામાં) ચતુર્માસાદિક કાળની મર્યાદા બાંધી પરિમાણ કરેલા ક્ષેત્રની હદથી બહાર અધિક નહીં જવા સંબંધી નિયમ કરવો તે પ્રથમ ગુણવ્રત કહેવાય છે.

૨૦ ઉંચે નીચે કે તિરછું જવા સંબંધી કરેલી હદનું ઉલ્લંઘન કરવું, કરેલી ક્ષેત્રમર્યાદાની બહારથી અમુક ચીજ અણાવવી, અને મુકરર કરેલી હદની બહાર કોઈ ચીજ મોકલાવવી તથા જરૂર પડતાં ક્ષેત્રવૃદ્ધિ કરવી (અમુક દિશામાં અધિક પ્રયાણ કરવાની છુટ લેવી) અને કોઈ વખત કોઈ રીતે વ્યાકુળતા, પ્રમાદ કે મતિમંદતાથી કરેલ દિશિપરિમાણને વિસરી જવું-ભૂલી જવું કે મેં પચાસ જોજન સુધી જવાનું રાખ્યું છે કે સો સુધીનું ? (જવા પ્રસંગે એમ શંકા થયેલ હોય તો પચાસ જોજનથી અધિક જતાં અતિચાર ને સોથી અધિક જતાં વ્રતભંગ સમજવો.) ઉપર મુજબ પાંચ અતિચાર સમજી સુજ્ઞ શ્રાવકે વ્રતશુદ્ધિ અર્થે તે અતિચારો વર્જવા. અતિચાર રહિત વ્રતનું પાલન કરવું.

૨૧ ભોજન અને કર્મ આશ્રી જેમાં નિયમ કરવાનો છે તે બીજા ગુણવ્રતમાં કંદમૂળાદિક ૩૨ અનંતકાય અને ૨૨ પ્રકારના અભક્ષ્ય ભોજન તજવાનો અને કર્મઆશ્રી ખર-નિર્દય-કઠોર કાર્ય-આરંભ તજવાનો સમાવેશ કરેલો સમજવો.

૨૨ શ્રાવકે મુખ્યપણે નિર્દોષ આહાર અને નિર્દોષ વ્યાપાર-વ્યવસાય કરવો ઘટે. તેને આશ્રી અતિચારો કહે છે. સચિત્ત (સજીવ કંદ પ્રમુખ), સચિત્ત સંબંધિત (સચિત્ત વૃક્ષ ઉપર રહેલ ગુંદાદિ અથવા પાકાં ફળ પ્રમુખ), તથા અપક્વ (અગ્નિથી નહીં પાકેલ), દુ:પક્વ (નહીં જેવું પાકેલ) અને તુચ્છ ધાન્યોનું ભક્ષણ શ્રાવકે વર્જવાનું છે. તેમજ કર્મથી અંગારકર્મ, વનકર્મ, ભાડીકર્મ, ફોડીકર્મ અને સાડી (શાટક) કર્મ પ્રમુખ મહા આરંભવાળા ૧૫ કર્માદાન વ્યાપાર પણ વર્જવાના છે. અનાભોગાદિક યોગે થાય તો અતિચારરૂપ પણ જો નિ:શંકપણે નકામા તેવા મહા આરંભવાળા પાપવ્યાપાર કરે તો વ્રતભંગ થાય.

૨૩ ખાસ પ્રયોજન વગર નકામો આત્મા જેથી દંડાય તેનું નામ અનર્થદંડ. તેનાથી વિરમવા રૂપ ત્રીજું ગુણવ્રત કહેવાય છે. અપધ્યાન-દુષ્ટ ચિન્તવન, પ્રમાદાચરણ (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા લક્ષણ), હિંસક ધર્મક-હિંસાકારક વસ્તુનું પ્રદાન તથા પાપ-ઉપદેશ રૂપ અનર્થદંડ ચાર પ્રકારે થાય છે. તે સારી રીતે સમજીને શ્રાવકે તેને તજવા જરૂર ખપ કરવો ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૪ કામચેષ્ટા–તેવાં ઉત્તેજક વચન હાસ્યાદિ, તથા મુખ નેત્રાદિકના વિકારવાળી ભાંડચેષ્ટા વ્રતધારી શ્રાવકે તજ કરવી. સંબંધ વગરનું નકામું ન બોલવું. હળ હથિયાર પ્રમુખ રાચ્ય કરી માગ્યા આપવાથી હિંસાની પુષ્ટિ થાય તે ન આપવાં. તથા ભોગ-ઉપભોગની સામગ્રી વગર જરૂરની-વધારે પડતી કરવાથી તેથી થતી હિંસા વધે. તેથી ઉપરોક્ત અનર્થદંડના પાંચે અતિચારો શ્રાવકે સમજીને તજવા.

૨૫ પાપવ્યાપારને તજવા અને નિષ્પાપ ( મન વચન કાયાના ) વ્યાપારને આદરવારૂપ સામાયિક તે પ્રથમ શિક્ષાવ્રત જાણવું. રાગ દ્વેષથી દૂર થયેલ જીવને જે ક્રિયામાં પ્રતિક્ષણ અનુપમ સુખદાયી અપૂર્વ જ્ઞાન દર્શન ચારિત્ર પર્યાયોનો આત્મલાભ થવા પામે તે **સામાયિક** જાણવું. શ્રાવકે મન વચન કાયાથી પાપવ્યાપાર કરવા કરાવવાનો નિષેધ અને સ્વાધ્યાય ધ્યાનાદિકનો સ્વીકાર નિયમિત સમય સુધી સામાયિકમાં કરવાનો હોય છે. સામાયિક ભાવમાં વર્તતો શ્રાવક સાધુ સમાન કહેલો છે.

૨૬ આના અતિચાર–મન વચન કાયાનું દુષ્પ્રણિધાન–પાપકર્મમાં પ્રવર્તાવવાનું સાવધાનતા પૂર્વક વર્જવું. સામાયિક અવશ્ય કરવાનું યાદ ન કરાય અથવા કર્યું કે નહીં તે ભૂલી જવાય અને કરાય તે અનવસ્થિત ભાવે—ઢંગ ધડા વગર કરાય તે અતિચારો પણ વ્રતધારી શ્રાવકે જરૂર વર્જવા.

૨૭ છઠ્ઠા દિગ્પરિમાણવ્રતમાં ગ્રહણ કરેલ દિશાપરિમાણને સંક્ષેપી દિવસે દિવસે જરૂરજોગું પ્રમાણવાળું કરવું તે બીજું દેશાવગાસિક શિક્ષાવ્રત જાણવું. મતલબ કે છઠ્ઠાવ્રતના પ્રસંગે લાંબા વખત માટે કરેલ દિશાપ્રમાણને આ દશમા વ્રતમાં દિવસે દિવસે બની શકે તેટલું ટુંકાવી દેતા રહી તેને અતિચાર રહિત શ્રાવકજનોએ પાળવાનું છે.

૨૮ આ દેશાવગાસિક વ્રતમાં નિયમિત ક્ષેત્રની બહેરથી કંઇ અણાવવાનું, આપણી પાસેથી કંઇક બાહેર મોકલવાનું, શબ્દ સંભળાવી ( સાદ કરી ) બીજાને બોલાવી લેવાનું, ખોંખારો ખાઇને કે પોતાનું રૂપ દેખાડીને પોતાનું છતાપણું જાહેર કરી ઇચ્છિત કરવા કરાવવાનું તેમજ કાંકરો વિગેરે નાંખી સાનાને ચેતવી ધાર્યું કામ કરવાનું શ્રાવકે વર્જવાનું છે.

૨૯ આહાર અને શરીરસત્કારનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન તથા પાપ આરંભ વર્જવારૂપ પૌષધ દેશથી તેમજ સર્વથી એ બે પ્રકારે થઇ શકે છે. દેશથી પૌષધમાં સામાયિકની ભજના ( કરે કે નહીં કરે ) પણ સર્વથી પૌષધમાં તો સામાયિક અવશ્ય કરવું જોઇએ, અન્યથા તેના ફળથી વંચિત રહેવાય. સર્વથી આહાર (ત્યાગ) પૌષધમાં ચોવિહાર ઉપવાસ કરવો ઘટે, દેશથી હોય તો તેમાં તિવિહાર ઉપવાસ, આયંબિલ, નીવી કે એકાશન પ્રમુખ યથાશક્તિ તપ કરી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ બાકીના ત્રણે પ્રકારના પૌષધ પ્રસંગે પણ સમજી લેવું. આઠમ પાખી પ્રમુખ પર્વ દિવસે પૌષધ કરનારા શ્રાવકો આહારનો સર્વથી કે દેશથી ત્યાગ કરે છે. બાકીના ત્રણે પ્રકારનો પૌષધ તો સર્વથીજ કરવામાં આવે છે. ચારે પ્રકારના દેશથી કે સર્વથી પૌષધનું સ્વરૂપ સમજી ખપી જનોએ તેનો યથાશક્તિ આદર કરવો ઘટે છે.

૩૦ અપ્રતિલેખિત, દુષ્પ્રતિલેખિત શય્યા–સંથારો; અપ્રમાર્જિત, દુષ્પ્રમાર્જિત શય્યા–સંથારો; અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પાસવણ ભૂમિ તથા અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પાસવણ ભૂમિ–વાપરવાનું આ પ્રસ્તુત પૌષધ વ્રતમાં વર્જવાનું છે. વળી ઉક્ત ચાર પ્રકારના પૌષધ આગમ રીતે યથાવિધિ કરવામાં થતી ઉપેક્ષા પણ વર્જવાની છે. મતલબ કે જયણાપૂર્વક સાવધાનતાથી પૌષધ કરણી શ્રાવકજને કરવી ઘટે છે. શય્યા સંથારો કે વસતિ–ભૂમિ જીવ રહિત પ્રથમ નજરે જોઈ તપાસી લેવી તે પ્રતિલેખિત, અને રજોહરણ ચરવળાદિકવડે તે જયણાપૂર્વક સાફ કરી લેવી તે પ્રમાર્જિત સમજવી. જેમ તેમ જયણા રહિત સંભ્રાન્ત ચિત્તે નજરે જોવી ને સાફ કરવી તે દુષ્પ્રતિલેખિત અને દુષ્પ્રમાર્જિત સમજવી. એજ રીતે લઘુનીતિ ને વડીનીતિ માટેની ભૂમિ આશ્રી સમજવું.

૩૧ શુદ્ધ–ન્યાયોપાર્જિત અને આધાકર્મ પ્રમુખ દોષ રહિત પ્રસ્તાવોચિત અથવા ક્ષેત્ર કાળ ઉચિત એવી અન્ન પાન વસ્ત્ર ઔષધ પ્રમુખ વસ્તુ સાધુજનોને આપવી તે શ્રાવકયોગ્ય ચોથું શિક્ષાવ્રત જાણવું. તેમાં બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય તથા શુદ્ર આશ્રી શુદ્ધ સ્વવૃત્તિ અનુષ્ઠાનથી ઉપાર્જિત તે ન્યાયોપાર્જિત દ્રવ્ય જાણવું. ખરા અવસરે એવા દેશ કાળ ઉચિત વસ્તુ સુપાત્રે આપવાથી મહા ઉપકારક થવા પામે છે, તેથી તે દ્રવ્ય અમૂલ્ય લેખી શકાય છે.

૩૨ સજીવ–પૃથ્વી પ્રમુખ ઉપર સ્થાપી રાખેલ, તથા સચિત્ત–ફળ પ્રમુખવડે ઢાંકેલ ભાતપાણી સાધુને આપવાથી, સાધુઉચિત ભિક્ષાસમય વીતાવી દેવાથી, નહિ દેવાની બુદ્ધિથી અન્નાદિક પોતાની વસ્તુ પારકી કહેવી અને દેવાની બુદ્ધિથી પારકી વસ્તુ પોતાની કહેવી તેથી, તેમજ મત્સર ધરીને દાન દેવાથી–અતિચાર લાગે છે. એ પાંચે અતિચારો પ્રસ્તુત વ્રત સંબંધી યથાર્થ સમજીને વર્જવા.

૩૩ અખંડ વિરતિપરિણામથી ઉપર જણાવેલ સઘળા શુદ્ધ બારે વ્રતોમાં અતિચાર નજ થાય–થવા ન પામે. માટેજ તે સર્વત્ર વર્જવાનું કહ્યું છે. નિર્મળ પરિણામવાળા શ્રાવકજનો તો સ્વાભાવિક રીતેજ તે અતિચારોમાં પ્રવૃત્તિ ન કરે.

૩૪ ઉક્ત સમ્યક્ત્વ અણુવ્રતાદિકની પ્રાપ્તિના ઉપાય–અભ્યુત્થાન, વિનય, પરાક્રમ અને સાધુસેવનાદિક કહેલા છે. તથા અંગીકાર કરેલ સમ્યક્ત્વ વ્રતાદિકની રક્ષા કરવાના ઉપાય હિતકારી કલ્યાણસ્થાનનું સેવન, વગર કારણે પરઘરમાં પ્રવે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્નો પરિહાર, ક્રિડા-બાળચેષ્ટા અને વિકારભર્યાં વચન બોલવાનો ત્યાગ વિગેરે છે. તેથી પૂર્વોક્ત ઉપાયવડે તે વ્રતાદિકનું રક્ષણ કરવું. અને ત્રિવિધ (મન વચન કાયાથી) ત્રિવિધે (કરવા કરાવવા ને અનુમોદવાવડે) અથવા ત્રિવિધ દુવિધે અથવા ત્રિવિધ એકવિધે અથવા દુવિધ ત્રિવિધે ઇત્યાદિ ભેદોવડે યથાશક્તિ ને યથાસંભવ તે તે વ્રતોનું ગ્રહણ-અંગીકરણ કરવું. તથા સમ્યક્ત્વમૂળ બાર વ્રતો સ્વીકાર્યા પછી તેનું સ્મરણાદિ કર્યા કરવું. અપ્રત્યાખ્યાત વિષયને પણ યથાશક્તિ તજવારૂપ યતના કરવી. તથા વિષય-સમ્યક્ત્વ વ્રત સંબંધી, જીવાજીવાદિ તત્ત્વસંબંધી અને સ્થૂલ સંકલ્પિત પ્રાણી આદિ સંબંધી સમજવો. અહીં પ્રસ્તુત પ્રકરણમાં નહીં વર્ણવેલ હોય તેપણ આગમમાંથી બુદ્ધિવંતોએ જાણી લેવો. કુંભકારના ચક્રભ્રામક દંડના દ્રષ્ટાન્તે. જેમ દંડથકી ચક્રભ્રમણ થાય છે તેમ આગમથી પૂર્વોક્ત સમ્યક્ત્વ વ્રતની પ્રાપ્તિ અને તેના રક્ષણાદિકના ઉપાયાદિકનું જ્ઞાન થાય છે.

હવે સમ્યક્ત્વ ને વ્રતધારી શ્રાવકને પરિણામની સ્થિરતા માટે જે કરવું જોઇએ તે સંબંધી ઉપદેશની પ્રસ્તાવનાર્થે કહે છે —

૩૫ સમ્યક્ત્વ યુક્ત અણુવ્રત ગ્રહણ કર્યાબાદ તથાપ્રકારે પ્રયત્ન કરવાથી અછતો એવો પણ વિરતિપરિણામ થવા પામે છે, અને અશુભ કષાયાદિ કર્મની પ્રબળતાથી તથાવિધ પ્રયત્ન વગર છતો પણ વિરતિપરિણામ પડી જાય છે. તેની ખાત્રી વ્રત, વ્રતઉપદેશક ને વ્રતધારીની અવજ્ઞા-અનાદર કે અવર્ણવાદ કરવાની વૃત્તિ ઉપરથી થઇ શકે છે. વિરતિપરિણામના અભાવે વ્રત ગ્રહણ કેમ કરાય? એવી શંકાનું સમાધાન એ છે કે-અન્યના ઉપરોધાદિકથી તેનો સંભવ છે. એ રીતે દ્રવ્યથી સાધુ કે શ્રાવકયોગ્ય વ્રતગ્રહણ અનંતા થયેલા સંભળાય છે.

પ્રસ્તાવિક ઉપદેશ નિમિત્તેજ શાસ્ત્રકાર કહે છે—

૩૬ શ્રાવકે ગ્રહણ કરેલાં સમ્યક્ત્વ અને અણુવ્રતોનું નિરંતર સ્મરણ અને બહુમાન કરવું. તથા તેથી વિપરીત એવા મિથ્યાત્વ અને પ્રાણાતિપાતાદિક પ્રત્યે અભાવ તેમજ તેથી નીપજતા જન્મમરણાદિક ભયંકર પરિણામો સંબંધી વિચાર કરતા રહેવું.

૩૭ પરમગુરૂ—તીર્થંકર પ્રભુની ભક્તિ, સુસાધુ-મુમુક્ષુ જનોની સેવા તથા ચઢતા-ઉપર ઉપરના ગુણસ્થાનની પ્રાપ્તિ નિમિત્ત એટલે સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે અણુવ્રતો માટે અને અણુવ્રતો પ્રાપ્ત થયે છતે મહાવ્રતો માટે સદાય પ્રયત્ન કરવો.

એમ ઉત્તરોત્તર ગુણ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાના ઉપરોક્ત ઉપદેશનું ફળ દર્શાવવાવડે કહે છે કે—

૩૮ એ રીતે ગ્રહણ કરેલ વ્રતનું નિત્ય સ્મરણ અને બહુમાન કરવારૂપ પ્રયત્નવડે અછતા પણ વ્રતપરિણામ પેદા થાય છે; અને પેદા થયેલ ભાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામ કદાપિ ઢીલા પડતા નથી. તેથીજ બુદ્ધિશાળી જનોએ નિત્ય સ્મૃત્યાદિક પ્રયત્નમાં સદાય ઉદ્યમ કરવો. ઉકત વ્રતો સંબંધી શેષ કર્તવ્ય ( અવશિષ્ટ હકીકત ) દર્શાવતા છતા ગ્રંથકાર કહે છે—

૩૯ આ શ્રાવકધર્મમાં પ્રાયે અણુવ્રતો અને ગુણવ્રતો જીવિતપર્યંત સેવવાના હોય છે. ફકત બાકી રહેલાં શિક્ષાવ્રતો ( પુનઃ પુનઃ અભ્યાસવા યોગ્ય હોવાથી ) અલ્પ કાળ સેવવાના હોય છે. તેમાં સામાયિક અને દેશાવગાસિક વારંવાર ઉચ્ચારાય છે અને પૌષધ તથા અતિથિસંવિભાગ નિયત દિવસે કરાય છે. સાધુના મહાવ્રતો તો કાયમને માટેજ હોય છે. બારે પ્રકારનો શ્રાવકધર્મ કહ્યે છતે સંલેખનાને કહેવાનો અવસર આવવાથી તે વિષે શાસ્ત્રકાર કહે છે કે—

૪૦ અંતે—જીવિતવ્યના અંત વખતે અનશનપૂર્વક **સંલેખના** નામની ક્રિયા શ્રાવકને અવશ્ય કરવાની હોતી નથી; કેમકે તથાવિધ પરિણામવાળો કોઈક શ્રાવક પ્રવ્રજ્યા–દીક્ષા આદરે છે તે કરે છે. તેથી સંલેખના સંબંધી હકીકત આ ટુંક પ્રકરણમાં કહી નથી. અતઃ શ્રાવકધર્મને લગતી ઉપર જણાવેલી હકીકત ઉપરાંત બાકીનો વિધિવિશેષ હવે કહીએ છીએ.

૪૧ શ્રાવક તેવા ગામ નગરાદિકમાંજ વસવું કે જ્યાં સાધુજનોનું આવાગમન થતું હોય, વળી જેમાં જિનમંદિરો હોય અને બીજા સાધર્મીજનો પણ વસતા હોય. એવા સ્થાનમાં નિવાસ કરતાં શું ફળ થાય ? તો કહે છે કે સદ્ગુણોની વૃદ્ધિ થાય. શી રીતે ? તે કહે છે—નિઃશંક ભાવથી સાધુઓને વાંદવાથી પાપ નાશે અને પ્રાસુક (નિર્દોષ) આહાર પાણી આપવાથી કર્મની નિર્જરા (કર્મ–ક્ષય) થાય, તેમજ જ્ઞાન દર્શન ચારિત્રની રક્ષા અને પુષ્ટિ થાય, તેમજ મિથ્યાત્વ–કુમતિનો નાશ અને સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય વિગેરે. હવે એવા ગામ નગરાદિકમાં નિવાસ કરી રહેનાર શ્રાવકનું દિનકૃત્ય ( કર્તવ્ય ) શાસ્ત્રકાર વખાણે છેઃ—

૪૨–૪૩ પંચ પરમેષ્ઠી નમસ્કારરૂપ નવકારના સ્મરણપૂર્વક જાગવું, પછી હું શ્રાવક છું, અમુક વ્રત નિયમ આદરેલાં છે વિગેરે સંભારવું, પછી લઘુ–વડી શંકારૂપ દેહચિંતા ટાળી શુદ્ધિ સાચવી સમાધિપૂર્વક ચૈત્યવંદનાદિક ભાવઅનુષ્ઠાન અને વિધિપૂર્વક પચ્ચખ્ખાણ કરવું. પછી દેરાસરે જવું અને પાંચ અભિગમ સાચવી, વિધિપૂર્વક તેમાં પ્રવેશ કરવો. અને પુષ્પમાળાદિકવડે પ્રભુ–પૂજા કરી, પ્રસિદ્ધ વિધિથી ચૈત્યવંદન કરવું. પછી ગુરૂ સમીપે (પ્રથમ પોતે ઘરે ધારેલું) પચ્ચખ્ખાણ કરવું. પછી શાસ્ત્ર વ્યાખ્યાન સાંભળવું કે જેથી સત્ક્રિયામાં રૂચિ–પ્રીતિ થવાના હેતુરૂપ સદ્બોધ થાય. પછી સાધુજનોને શરીરના આરોગ્ય તથા સંયમમાં નિરાબાધતા સંબંધી પૃચ્છા નમ્ર ભાવે કરવી. તેમજ તેમને ઉચિત ઔષધ ભેષજ આહાર પાણી પ્રમુખ નિઃસ્વાર્થ ભાવે આપવાનો વિવેક કરવો. એ રીતે સ્વઉચિત કર્તવ્ય લક્ષ્યપૂર્વક કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪–૪૫ પછી શ્રાવક પૂર્વે દર્શાવેલ પંદર કર્માદાનને તજી, નિર્દોષપ્રાય આજીવિકા નિમિત્તે વ્યવસાય કરે, નહીં તો ધર્મહાનિ અને શાસનહીલના થાય. પછી અવસરે પ્રકૃતિને માફક આવે એવું સાદું ને સાત્ત્વિક ભોજન કરે. પછી યથાશક્તિ (ગંઠીસહિયં વિગેરે) પચ્ચખ્ખાણ સાવધાનપણે કરે. પછી અવસરે દેરાસરે જાય અને સાધુ સમીપે શાસ્ત્ર સાંભળે અથવા જ્યાં પ્રાયે આગમવ્યાખ્યાન થતું હોય તે ચૈત્યગૃહે જઈ સાધુપાસે શાસ્ત્રશ્રવણ કરે. પછી સાંજે–સંધ્યા સમયે યથાયોગ્ય પ્રભુ પૂજા–ભક્તિ અને ચૈત્યવંદન કરી, ગુરૂ સમીપે આવી વંદન–નમસ્કાર પૂર્વક સામાયિકાદિક ષડ્ આવશ્યકકરણી પ્રમાદ રહિત કરે. પછી વૈયાવચ્ચાદિક કરવાવડે થાકેલા અને તે થાક દૂર કરવા ઇચ્છતા એવા સાધુજનોની કે તથાવિધ શ્રાવકાદિકની વિશ્રામણા–ભક્તિ કરવી અને નવકાર મહામંત્રનું ધ્યાન સ્વાધ્યાય પ્રમુખ પોતાની યોગ્યતા મુજબ ધર્મવ્યાપાર કરવો. પછી પોતાને ઘરે જવું અને ત્યાં દેવ, ગુરૂ, ધર્માચાર્ય તથા બીજા ધર્મોપકારી જનોનાં ગુણોનું મનમાં સ્મરણ કરીને તેમજ વ્રત નિયમો યાદ કરીને વિધિપૂર્વક શયન કરવું.

૪૬ રાત્રીએ સ્ત્રીપરિભોગરૂપ મૈથુનનો ત્યાગ કરવો. તેમાં બળાત્કારે પ્રવૃત્તિ કરાવનાર સ્ત્રીપુરૂષવેદાદિ મોહનીયકર્મની નિંદા કરવી અને સ્ત્રીકલેવરનું સ્વરૂપ મનમાં ચિન્તવવું. તથા અબ્રહ્મ–મૈથુનથી સર્વથા વિરમેલા સુસાધુજનો પ્રત્યે અંતરંગ પ્રીતિલક્ષણ બહુમાન ધારણ કરવું.

૪૭ પછી નિદ્રા ટાળી જાગ્રત થયેલા શ્રાવકે કર્મ અને ચેતન પરિણામાદિક સૂક્ષ્મ પદાર્થોમાં ચિત્ત સ્થાપવું અથવા સંસારનું સ્વરૂપ સારી રીતે ચિન્તવવું અથવા ખેતીપ્રમુખ કે બીજા કલેશોને શમાવવા સમર્થ થાય તેવા વિચારો કરવા.

૪૮ તથા ક્ષણે ક્ષણે થતી વયહાનિનો, પ્રાણીવધાદિક વિપરીત આચરણનો, ફળ–પરિણામનો, આત્મકલ્યાણ સાધી લેવા માટે મનુષ્ય જન્માદિક અમૂલ્ય તક મળી છે તેનો લાભ લઇ લેવાનો, અપાર સંસારસાગર મધ્યે બેટ સમાન જિનાગમની પ્રાપ્તિનો તથા શ્રુત ચારિત્ર લક્ષણ ધર્મના આલોક પરલોક સંબંધી વિવિધ ગુણ-ઉપગાર અને ફળરૂપ–ક્ષેમાદિકનો સારી રીતે વિચાર કરવામાં ચિત્તને જોડવું.

૪૯ રાગાદિક બાધક દોષો નિવારક ભાવના ભાવવાથી અને ધર્માચાર્ય–પ્રયત્નશીલ સાધુઓના માસકલ્પાદિ વિહારસંબંધી શાન્ત વિચારણાથી અજરામર પદદાયક સંવેગ–વૈરાગ્ય ઉપજે છે.

૫૦ પ્રાંતમાં કહેવાનું કે–નવકાર મહામંત્રના સ્મરણપૂર્વક જાગવું. ઇત્યાદિક વિધિ અનુષ્ઠાન જે ઉપર કહેલ છે તે પ્રમાણે નિરંતર કરનાર શ્રાવકને સંસારભ્રમણનો અંત કરવામાં અમોઘ–અકસીર ઉપાયરૂપ સર્વવિરતિ ચારિત્રના પરિણામ તે ભવમાં કે પછીના ભવમાં અવશ્ય પેદા થાય છે. —:*:— (સ. ક. વિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન-પૃષ્ટ ૧૯૫ થી )

ઉત્તમ મનુષ્યો પોતાની પુખ્ત વય થાય એટલે યોગ્ય ઉમરમાં આવેલા પુત્રને માથે ઘરનો ભાર મૂકી દઇને પોતે છુટા થાય. તેમાં પોતાને વધારે પુત્રો હોય તો જેમ પ્રસેનજિત રાજાએ પોતાના સો પુત્રોમાંથી પરીક્ષા કરીને શ્રેણિકરાજાને રાજ્ય આપ્યું એમ યોગ્ય પુત્રને માથે ઘરનો ભાર મૂકે.

પ્રસેનજિત રાજાએ સો પુત્રોમાં બુદ્ધિશાળી વિશેષ કોણ છે ? તેની પરીક્ષા કરવા માટે એક મોટા ઓરડામાં બધાને પૂર્યા. અંદર મીઠાઇ ભરીને કંડીઆઓ મૂકયા અને પાણી ભરી ઉપરથી બંધ કરીને માટીના ઘડાઓ મૂકયા. તે સાથે કહ્યું કે ' આ કંડીઆના ઢાંકણા ઉઘાડીને મીઠાઇ ખાશો નહીં અને ભુખ્યા રહેશો નહીં, તેમજ આ ઘડા ઉપરથી ઉઘાડશો નહીં અને તરસ્યા રહેશો નહીં ' આ પ્રમાણે આજ્ઞા કરી. રાજપુત્રો થોડીવાર તો આનંદથી ફર્યા-હર્યા, વાતો કરી, એવામાં ક્ષુધા લાગી. કર્ત્તા કહે છે કે—

નિત્ય નરણું ને ભવો ભુખ્યું, ઠામ ન મૂકે ઠેઠ;
મોડું વહેલું માગશે, પાપી વળગ્યું પેટ. ૧
રૂધિર માંસ બળ બુદ્ધિ ગઇ, કાયા તેહજ જ્ઞાન;
એક ક્ષુધા આગે આવતાં, ગઇ લજ્જા ગયું માન. ૨

' આ પેટ રોજ સવારે નરણું થાય છે ને ભવોભવમાં ભુખ્યું થયાજ કરે છે. આપણું ઠેકાણું ઠેઠ સુધી છોડતું નથી. આ પાપી પેટ જે આપણને વળગેલું છે તે મોડું વહેલું પણ માગવાનુંજ છે. (માગ્યા વિના રહે તેમ નથી.) ૧ '

' પ્રાણીને જ્યારે ક્ષુધા લાગે છે ત્યારે રૂધિર, માંસ સુકાય છે, બળ ને બુદ્ધિ નાશ પામે છે. એક શરીર સંબંધીજ-તેને ખોરાક આપવા સંબંધીજ જ્ઞાન રહે છે. છેવટે લાજ ને માન બધું જાય છે-છોડવું પડે છે, અને માગીને કે બીજી રીતે પણ ખોરાક મેળવવો પડે છે. ૨ '

રાજપુત્રો ભુખ્યા તો બહુ થયા પણ પિતાશ્રીની આજ્ઞા પ્રમાણે જ્યારે કંડીઆ છોડવા નહીં ત્યારે ખાવું શી રીતે ? બહુ મુંઝાણા, એટલે શ્રેણિકકુમાર બુદ્ધિશાળી હતા તેથી તેણે બુદ્ધિ આપી કે 'મુંઝાઓ છો શા માટે ? આ કરંડીઆની નીચે લુગડાં પાથરો ને પછી તેને ખુબ ખંખેરો, ઢંઢોળો, એટલે અંદરની મીઠાઇનો ભુકો થઇ જઇને નીચે ખરવા માંડશે, તે ખાઓ ને ક્ષુધા શાંત કરો.' રાજપુત્રોએ તેજ પ્રમાણે કર્યું એટલે મીઠાઇના ભુકાના ઢગલા થયા, સૌએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરાંતે ખાધું, પછી તૃષા લાગી એટલે પાછા મુંઝાણા. ઘડાના મોઢા છોડ્યા સિવાય પાણી શી રીતે પીવું? શ્રેણિકે બુદ્ધિ આપી કે 'જુઓ! આ પાણીના ઘડા કાચા છે. તેમાંથી પાણી ઝમે છે. તમે તેની ફરતાં વસ્ત્ર વીંટાળો. તે ભીંજાઈ જાય એટલે તેને નીચોવી નીચોવીને પીવો.' રાજપુત્રોએ તે રીતે તૃષા દૂર કરી.

એક કવિએ કહ્યું છે કે.—

यस्य बुद्धिर्बलं तस्य, निर्बुद्धेश्च कुतो बलम् ।
वने सिंहो मदोन्मत्तः, शशकेन निपातितः ॥ १ ॥

'જેની બુદ્ધિ તેનુંજ બળ, નિર્બુદ્ધિનું ગમે તેટલું બળ હોય તો પણ શા કામનું? જુઓ! વનમાં રહેલા મદોન્મત્ત સિંહને એક સસલા માત્રે બુદ્ધિ કેળવીને કુવામાં નાખી દીધો.'

આ કથા **પંચતંત્રમાં** આવે છે. તેનો સાર એવો છે કે—'એક વનમાં એક સિંહ બહુ મદોન્મત્ત થયો હતો, તેથી ઘણા જીવોને હેરાન કરતો હતો. એટલે બધા જીવોની અરજ ઉપરથી એક સસલાએ બુદ્ધિ કેળવીને પેલા સિંહને કહ્યું કે—' અહીં બીજો સિંહ આવ્યો છે.' એટલે સિંહ કહે—' ક્યાં છે, બતાવ.' સસલો કહે—' ચાલો, બતાવું.' પછી એક કુવા પાસે લઇ જઇને કહ્યું કે—' તમારા ભયથી આ કુવામાં સંતાઇ ગયો છે, જુઓ.' સિંહે કુવામાં જોયું તો પોતાનો પડછાયો દીઠો. તેને બીજો સિંહ માની તેની સામે તાડુકો કર્યો; એટલે કુવામાંથી તેનોજ પડઘો પડ્યો. એમ વધારે તાડુકા થતાં તેને મારવાની ઇચ્છાથી સિંહ કુવામાં કુદી પડ્યો; અને પ્રાંતે તેમાં મરણ પામ્યો. આ પ્રમાણે એક સસલાની બુદ્ધિથી ઘણા પ્રાણીઓને સુખ થઇ ગયું.'

અહીં સંધ્યાકાળે પ્રસેનજિત રાજાએ ઓરડો ઉઘાડ્યો, અને 'ભુખ્યા રહ્યા કે ખાધું?' એમ પૂછ્યું, એટલે સૌએ કહ્યું કે—' આ શ્રેણિકની બુદ્ધિથી અમે સૌએ ખાધુંએ ખરૂં ને પાણીએ પીધું.' રાજાએ હકીકત પૂછતાં બધી હકીકત કહી બતાવી. રાજા શ્રેણિકની બુદ્ધિથી પ્રસન્ન થયા, પણ બીજાઓ તેની ઇર્ષ્યા કરે, એટલા માટે તેના વખાણ ન કરતાં ઉલટો વખોડ્યો કે—' એમ ખંખેરીને તે ખવાતું હશે?'

અન્યદા બધા પુત્રોને એક સાથે જમવા બેસાડ્યા; અને સોનાના થાળમાં ખીર ખાંડ ને ઘી પીરસ્યા. પછી સૌ તેને મેળવીને ખાવા લાગ્યા, એટલે શીકારી કુતરાઓને તેની ઉપર છોડી મૂક્યા. સૌ થાળ મૂકી મૂકીને ભાગી ગયા. શ્રેણિકે તો દરેક થાળમાંથી એકેક કોળીઓ ભરીને તે થાળ કુતરાઓ તરફ ફેંકવા માંડ્યાં; એટલે કુતરાઓ તેની નજીક ન આવ્યા અને પોતે ધરાઇ ગયો. પ્રસેનજિત રાજા તેની બુદ્ધિથી બહુ પ્રસન્ન થયા. પછી યોગ્ય અવસરે પોતાનું મુખ્ય રાજ્ય તેને આપ્યું. બીજા પુત્રોને જુદા જુદા દેશ આપ્યા અને પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્ર લઈને સર્વ કલેશથી છુટા થઈ ગયા.

કર્તા કહે છે કે–" ઉત્તમ પુરૂષ તો એ રીતે જેમ સાપ કાંચળી તજી દે તેમ યોગ્ય અવસરે સર્વ તજી દેયજ છે; મૂર્ખજનોજ તેમાં ને તેમાં–ભોગવિલાસમાં વળગી રહે છે અને પછી જેમ માખી પગ ઘસે છે તેમ અંતે હાથ ઘસે છે. આ પ્રાણીનું આયુષ્ય અંજળીમાં રાખેલા પાણી જેવું નિરંતર ટુંકતું–ઓછું થતું જાય છે. લક્ષ્મી હાથીના કાન જેવી ચપળ છે, એક સ્થાને રહેતીજ નથી, અને યૌવન તો નદીનું પૂર વહેતું જાય તેમ શીઘ્ર ચાલ્યું જાય છે. તેથી સુજ્ઞ જનોએ સાન રાખીને ચેતવું જોઇએ. જે પ્રાણી સમયે ચેતતા નથી અને પરલોક સાધતા નથી તે પોતાના બંને ભવનો–આ ભવનો ને આગામી ભવનો વિનાશ કરે છે. અને તેનું આયુષ્ય ફોગટ વહી જાય છે." આ પ્રમાણે સમજીને પ્રસેનજિત રાજાએ રાજ્ય, રમણી અને બધા સુખભોગ છાંડ્યા અને રાજ્ય શ્રેણિકકુમારને આપી પોતે સંયમના યોગને સાધ્યો. આવા શાસ્ત્રના ભેદને–પોતાના કર્ત્તવ્યને તેજ જાણી શકે છે કે જે પંડિતોના ચરણ સેવે છે. ઋષભદાસ કહે છે કે–' આ શીખામણ–હિતશિક્ષા સાંભળતાં પણ સુખ ઉપજાવે તેવી છે.'

હવે કર્ત્તા કહે છે કે–' જે પિતા પુત્રનું ઉચિત ઉપર કહ્યા પ્રમાણે સાચવે છે તે સુખી થાય છે. તદુપરાંત બહેનનું, ભોજાઇનું, પોતાની સ્ત્રીનું ઇત્યાદિના ઉચિત પણ સાચવવા યોગ્ય છે. પોતાના ઘરનો ભાર પણ પુત્રવધુઓની પરીક્ષા કરીને જે યોગ્ય હોય તેને સોંપવા યોગ્ય છે. ધના શેઠે જેમ પુત્રવધુ આશ્રી પરીક્ષા કરી અને પછી ઘરનું કામ યોગ્યતા પ્રમાણે સોંપી દીધું તેમ બીજાઓએ પણ કરવા યોગ્ય છે.

ધનાશેઠને ચાર પુત્રવધુઓ હતી. તેમાંથી કોને ઘરનો ભાર સોંપવા યોગ્ય છે તેનો નિર્ણય કરવા માટે એક દિવસ તેણે પોતાના કુટુંબને જમવા નોતર્યું. સૌની સારી રીતે ભક્તિ કર્યા પછી તેમની સમક્ષ પોતાની ચારે વહુઓને બોલાવીને ધનાશેઠે પાંચ પાંચ શાળના દાણા આપ્યા અને કહ્યું કે–' આ કણ જાળવી રાખજો અને હું માગું ત્યારે મને પાછા આપજો.' ચારે વહુ પાંચ પાંચ કણ લઇ પોતાને સ્થાને જવા ચાલી. માર્ગમાં મોટી વહુએ વિચાર કર્યો કે–" ઘરડા થાય ત્યારે અકલ જાય એમ કહે છે તે ખોટું નથી. કહ્યું છે કે—

દાંત બત્રીશ ખરી ગયા, નયણે દીધો દાય;
કાને માંડ્યા રૂસણાં, ગયો જબ જોબન રાય. ૧
ડુંગર ડુંગર હું ભમી, વન વન જોઉં માય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડી[1] એક ન પાઈએ. જેણે જોબન થીર થાય. ૨
આણંદ કહે પરમાણંદ, નર નમીઆ તે કાંય;
જેણે વાટે જોબન ગયું, પગલાં નિહાળે ત્યાંય. ૩
આવી સોહાગણ લકડી, હમ તુમ ભયે પીયાર;
જો કુછ થા સો ચલ ગયા, તુમ શિર દીના ભાર. ૪
આવી સોહાગણ લકડી, તુઝવિણ આગળ શૂન્ય;
જે દહાડા તુજ વિણ ગયા, તે વાસર[2] મુજ ધન્ય. ૫
જરા ધુતારી ધોબણી, ધોયા દેશ વિદેશ;
વિણ પાણી વિણ પથ્થરે, ઉજ્વળ કીધા કેશ. ૬

જ્યારે કેશ ધોળા થાય છે ત્યારે જરા આવે છે ને યૌવન જાય છે; તે સાથે ગતિ, મતિ, બળ અને જ્ઞાન પણ ઓછું થાય છે, અને સાન ને વાન બંને જાય છે. તે વખતે પ્રાયે ઘરે બેસી રહેવું પડે છે. લોકો–બાળકો હાંસી કરે છે, પ્રાયે કોઇ તેનું કેણુ માનતું નથી. અને હાથ પગ તેમજ માથું ધ્રુજે છે. આ પ્રમાણેના જરાના બધા લક્ષણ મારા સાસરામાં પણ આવ્યા છે. જુએ ! આખું કુટુંબ તેડાવી મોટું ડોળ કરીને બધાની સમક્ષ પાંચ પાંચ કણ જાળવી રાખવા આપ્યા. આપણા ઘરમાં તો શાળની કોઠીએ ભરી છે, જ્યારે માગશે ત્યારે તેમાંથી લઇને આપશું. આ કોણ જાળવી રાખે ?" આમ વિચારી તેણીએ તે દાણા નાખી દીધા.

હવે બીજી વહુ માર્ગે જતાં વિચારે છે કે–' હેત કરીને આ પાંચ દાણા જાળવવા આપ્યા છે, પણ એને જાળવી કોણ રાખે ? જ્યારે માગશે ત્યારે દેવાના ક્યાં નથી ? પરંતુ વડીલના આપેલા દાણા નાખી ન દેવાય. ' એમ વિચારી ફોલીને ખાઇ ગઇ.

ત્રીજી વહુએ વિચાર્યું કે–' ગમે તે કારણથી સાસરાએ જાળવવા માટે આપણને પાંચ દાણા આપ્યા તો તે જાળવી રાખવાની આપણી ફરજ છે.' એમ વિચારીને તેણે સ્થાનમાં જઇ ઘરેણાના ડાબલામાં મૂકી છાંડ્યા.

ચોથી વહુ બહુ ડાહી હતી તેણે વિચાર્યું કે–' સાસરાજીએ આપેલ દાણાની આપણે વૃદ્ધિ કરવી જોઇએ. ' એમ વિચારી તેણીએ તે દાણા પોતાને પિયર મોકલી પોતાના ભાઇને કહેવરાવ્યું કે ' આ પાંચ દાણા એક જુદો કયારો કરીને તેમાં વાવજો, પહેલે વર્ષે જેટલા થાય તેટલા બીજે વર્ષે વાવજો, એમ હું પાછા ન મંગાવું ત્યાં સુધી કર્યા કરજો.' તેના ભાઇએ તે પ્રમાણે કર્યું, એટલે પહેલે વર્ષે અર્ધી પાલી થયા, બીજે

1 ઔષધી–જડી બુટ્ટી 2 દિવસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષે આઠ દસ પાલી થયા, ત્રીજે વર્ષે તેથી વધ્યા ચોથે વર્ષે તેથી વધ્યા, અને પાંચમે વર્ષે તો કોઠાર ભરાણો. એણે પોતાની બહેનને દરવર્ષે ખબર આપ્યા કર્યા.

અહીં પાંચ વર્ષ પૂરા થયા પછી ધનાશેઠે કુટુંબને બોલાવી તેની સમક્ષ પોતાની ચારે વહુઓ પાસે પાંચ પાંચ દાણા આપેલા માગ્યા. પહેલી વહુએ ઘરમાં દાણા હતા તેમાંથી લઈને આપ્યા. સાસરાએ કહ્યું કે–' આ મારા આપેલા દાણા નથી.' પછી બહુ આગ્રહથી સોગન દઇને પૂછયું ત્યારે તેણે કબુલ કર્યું કે–'આ એ દાણા નથી.' શેઠે પૂછ્યું કે–' મારા દાણાનું શું કર્યું હતું ?' વહુએ ફેંકી દીધાનું કહ્યું એટલે શેઠને દુઃખ લાગ્યું, તે ખીજ્યા અને તેને ઘરમાંથી ફેંકી દેવાનું–કચરો કાઢવાનું કામ સોંપ્યું.

પછી બીજી વહુને તેડાવી. તેની પાસે દાણા માગ્યા. તેણે નવા લાવીને દીધા. શેઠે કહ્યું–' આ મારા દાણા નહીં.' એટલે તે તરતજ માની ગઇ કે –' તે દાણા તો હું ખાઇ ગઈ હતી.' એટલે શેઠ તેના પર પણ ખીજાણા તો ખરા, પણ પહેલી વહુ કરતાં તેને સારી માનીને તેને ખાવાનું–રાંધવાનું રસોડાનું કામ સોંપ્યું.

પછી ત્રીજી વહુને બોલાવી. તેણે ઘરેણાના ડાબલામાંથી લાવી ગાંઠ છોડીને આપ્યા. શેઠે તેને વખાણી અને ઘરની તમામ વસ્તુ જાળવી રાખવાનું કામ તેને સોંપ્યું.

પછી ચોથી વહુને બોલાવી ને દાણા માગ્યા. તેણે કહ્યું કે–'એ દાણા એમ ન આવે, તેને માટે તો ગાડાં મોકલો.' એટલે શેઠે ગાડાં મોકલીને મંગાવ્યા. તે વહુના ઘણા વખાણ કર્યા અને ઘરની કુલ માલેક તેને બનાવી.

આ કથા શ્રી ઓઘનિર્યુક્તિમાં છે. ત્યાં શ્રી જિનેશ્વરે આ કથા કહીને શિષ્યોને ઉપદેશ આપ્યો છે. તેનો ઉપનય આ પ્રમાણે છે–' શેઠને સ્થાને ગુરૂ સમજવા. કુટુંબ સ્થાને શ્રી સંઘ સમજવો. વહુને સ્થાને શિષ્યો જાણવા અને પાંચ દાણા તે પાંચ મહાવ્રત સમજવા. તે પાંચ મહાવ્રતોને જેણે વધાર્યા તે ગીતાર્થ સમજવા. જેણે જાળવી રાખ્યા તે શુદ્ધ મુનિ–સ્થવીરાદિ જાણવા. જે ખાઈ ગયા તેને વેષધારી યતિ જેવા સમજવા, કારણ કે તેણે માત્ર ખાવા માટેજ મુનિનો વેષ રાખેલો હોય છે. જેણે દાણા નાખી દીધા તે મહાવ્રત તજીને પતીત થઇ ગયેલા સમજવા. તેવા જીવો સંસારમાં અત્યંત દુઃખી થાય છે.'

પેલી ચાર વહુમાં નાખી દેનારી તે ઉઝીયા, ખાઈ ગઇ તે ભક્ષિતા, રાખી મૂકયા તે રક્ષિતા અને વધાર્યા તે રોહિણી સમજવી. ચોથી વહુતુલ્ય આચાર્ય મહારાજ સમજવા કે જે ગચ્છમાં વૃદ્ધિ કરે છે. આ દૃષ્ટાંત લક્ષમાં લઇને ઉત્તમ જનોએ ચોથી વહુ જેવું વર્તન રાખવું અને ઘરનો ભાર ધના શેઠની જેમ પરીક્ષા કરીને યોગ્યને સોંપવો. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रश्नोत्तर.

( પ્રશ્નકાર રા. રા. ઓધવજીભાઈ ગીરધર—પોરબંદર. )

પ્રશ્ન ૧–જીવ ગતિ જાતિ નામકર્મ તો સમયે સમયે બાંધે છે અને તેમાં પણ જુદા જુદા અધ્યવસાયને લઈને જુદી જુદી ગતિ જાતિ બંધાય છે, અને પરભવના આયુષ્યનો બંધ તો એકજ વાર થાય છે, તો તે પૂર્વે બંધાયેલ જુદી જુદી ગતિમાંથી કઈ ગતિનું આયુ બાંધે ? અને બાંધેલ જુદાં જુદાં ગતિ જાતિ નામકર્મ કઈ રીતે ભોગવે ?

ઉત્તર–પ્રાયે આખા ભવમાં જે ગતિપ્રાયોગ્ય બહુધા પ્રવૃત્તિ કરી હોય તે ગતિનુંજ આયુષ્ય બંધાય છે, કવચિત્ તેમાં ફેર પણ પડે છે. એટલે આયુબંધ વખતે જેવા આત્માના પરિણામ (અધ્યવસાય) થાય તેવો બંધ પડે છે. સત્તામાં અશુભ પ્રકૃતિઓના દળ વધારે હોય તો નરક ને તિર્યંચ ગતિનું આયુ બંધાય છે, ને શુભ પ્રકૃતિઓના દળ વધારે હોય તો મનુષ્ય ને દેવગતિનું આયુષ્ય બંધાય છે.

બાંધેલી પ્રકૃતિઓનો અબાધા કાળ પૂર્ણ થાય ત્યારપછી તે ઉદયમાં આવે ત્યારે જે ગતિમાં હોય તદ્યોગ્ય પ્રકૃતિ વિપાકઉદયમાં આવે અને બીજી પ્રકૃતિ તેમાં સંક્રમીને ઉદય આવે અથવા પ્રદેશઉદય આવીને ખરી જાય. આ સંબંધની વધારે હકીકત કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહાદિ ગ્રંથોથી સમજવા યોગ્ય છે.

પ્રશ્ન ૨–મનઃપર્યવજ્ઞાની અતીત અને અનાગત કાળ આશ્રી પલ્યોપમના અસંખ્યાતા ભાગની હકીકત જાણી શકે એમ કહ્યું છે, તો અતીત કાળે વિચારીને મૂકી દીધેલી મનોવર્ગણા શું હજુ સુધી તે રૂપે રહી હોય તેથી જાણે ? અને જો કદિ રહી હોય તો પણ આ વર્ગણા કોણે વિચારીને મૂકેલી છે તે શી રીતે જાણે ? અનાગત કાળને માટે તો હજુ મનોવર્ગણા ગ્રહણજ કરી નથી તો તેને શી રીતે જાણે?

ઉત્તર–મનઃપર્યવજ્ઞાની અપ્રમત્ત મુનિ મહારાજા હોય છે. તેઓ જ્ઞાનના બળથી અનુમાનવડે મનવાળા પ્રાણીને જોઈને આગળ પાછળની હકીકત જાણી શકે છે. તેમના જ્ઞાનની નિર્મળતા બહુ હોય છે અને તેનું ક્ષેત્ર બહુ થોડું છે. બાકી મનોવર્ગણા તો વિચારીને મૂક્યા પછી તે રૂપે રહેલી નથી અને તે જોઈને જાણવાનું પણ નથી. અનાગત કાળ માટે પણ એમજ સમજવાનું છે. વર્તમાન કાળ આશ્રી પણ મનપણે ગ્રહણ કરીને વિચારાતી મનોવર્ગણાને જોઈને અનુમાનજ બાંધવું પડે છે, તેમાં કાંઈ વિચારના અક્ષરો લખેલા હોતા નથી કે જે વાંચી જુએ. તેમનું કરેલું અનુમાન સત્ય પડે છે એજ જ્ઞાનબળ છે. અતીત અનાગત કાળ માટે પણ તે રીતેજ સમજવું.

આ સંબંધમાં જ્ઞાનપંચમીના દેવમાં મનઃપર્યવ જ્ઞાનના સ્વરૂપસૂચક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે બે ગાથાઓ છે તે પ્રશ્નકારે લખી છે. તેમાં તો વર્તમાનકાળ આશ્રીનેજ એનો વિષય બતાવેલ છે. અતીત અનાગત કાળ આશ્રી તે ગાથાઓમાં સ્પષ્ટતા કરેલ નથી.

પ્રશ્ન ૩–પરભવમાં ઉત્પન્ન થતાં જીવ ભાષા, મન અને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ બાંધે છે. પછી ભાષાવર્ગણા, શ્વાસોશ્વાસ વર્ગણા ને મનોવર્ગણાના દળ કર્મોની માફક સમયે સમયે ગ્રહણ કરે કે જરૂર પડે ત્યારે ગ્રહણ કરે ? અને તેના દળ આત્મપ્રદેશ ઉપર પડ્યા રહે કે તરતજ ખરી જાય ? એને માટે કાંઇ સ્થિતિ કાળ કે અબાધા કાળ છે કે કેમ ?

ઉત્તર––પરભવમાં ઉત્પન્ન થઇ સંજ્ઞી પંચેંદ્રિય જીવ છએ પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે ભાષાવર્ગણાના, મનોવર્ગણાના અને શ્વાસોશ્વાસ વર્ગણાના દળ ગ્રહણ કરે અને તે તે રૂપે પરિણમાવી, અવલંબીને મૂકી દે. તેનો અબાધા કાળ નથી, સ્થિતિ કાળ નથી, પણ અંતર્મુહૂર્ત ગ્રહણ કરી અવલંબી (વાપરી) ને મૂકી દેતાં થાય છે. શ્વાસોશ્વાસ વર્ગણાની આવશ્યકતા વધારે રહે છે, પણ તેને ગ્રહણ કર્યા પછી રાખી મૂકવાની નથી અને રહેતી પણ નથી. પોતપોતાનું કાર્ય કરીને ખરીજ જાય છે. કાર્મણ વર્ગણાની જેમ પ્રત્યેક સમયે તે વર્ગણા ગ્રહણ કરવાની નથી. કાર્મણ વર્ગણા તો આત્મા ઉપર લાગેલી રહે છે અને અબાધા કાળ પૂરો થયા પછી ઉદયમાં આવે છે ને ખરી જાય છે. પર્યાપ્તિઓ તો તે તે પ્રકારની વર્ગણાઓ લેવા અને પરિણમાવવાની શકિતજ ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન ૪–કાર્મણવર્ગણાના દળ પ્રત્યેક સમયે ગ્રહણ કરીને આઠ કર્મપણે અથવા સાત કર્મપણે અને તેની ઉત્તર પ્રકૃતિપણે વહેંચાયા કરે છે. તેજ પ્રમાણે બીજી સાત પ્રકારની વર્ગણા પણ સમયે સમયે ગ્રહણ થાય છે ને વહેંચાય છે કે કેમ ? ને વર્ગણાઓનો સ્થિતિ કાળ ને અબાધા કાળ છે કે કેમ ? અને સાતે વર્ગણા જીવને જુદો જુદો શું અનુગ્રહ કરે ? અને શું શું પ્રયોજને તે ગ્રહણ કરાય ?

ઉત્તર—સમયે સમયે તો કાર્મણવર્ગણાજ ગ્રહણ થાય છે. ઔદારિકશરીરી ઔદારિક વર્ગણા ને વૈક્રિયશરીરી વૈક્રિય વર્ગણા લોમાહારવડે સમયે સમયે ગ્રહણ કરે છે પણ તેની કાંઈ વહેંચણ થતી નથી. તે તે શરીરપણેજ તેને પરિણમવાનું હોય છે. આહારક વર્ગણા તો આહારક લબ્ધિવાળા આહારક શરીર કરવું હોય ત્યારેજ ગ્રહણ કરે છે. તૈજસવર્ગણા અવિચ્છિન્ન ગ્રહણ થાય છે ને તે શરીરપણે પરિણમાવીને તેનું કાર્ય થયા પછી તજી દેવાય છે. બાકી ભાષા, મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને શ્વાસોશ્વાસ વર્ગણા તે તે કાર્યપરત્વેજ ગ્રહણ કરાય છે, ને તે તે પ્રકારે પરિણમાવી અવલંબીને તજી દેવામાં આવે છે. તે બધી વર્ગણાઓ પોતપોતાના નામ પ્રમાણે ઉપયોગમાં આવે છે અને તે તે પ્રયોજનેજ ગ્રહણ કરવામાં આવે છે. કાર્મણવર્ગણા શિવાય બીજી વર્ગણાઓને અબાધા કાળ નથી. સ્થિતિ તો ગ્રહણ કરીને મૂકવા સુધીમાં અથવા તે તે શરીરપણે પરિણમાવવા સુધીમાં અંતર્મુહૂર્ત્ત થાય છે.

આ વર્ગણાઓ તે તે પ્રકારની પર્યાપ્તિએ પર્યાપ્ત થયેલાજ ગ્રહણ કરે છે. ઔદારિકશરીરી ઔદારિક વર્ગણા ને વૈક્રિયશરીરી વૈક્રિય વર્ગણા ગ્રહણ કરે છે. આહારક વર્ગણા તો આહારક લબ્ધિવાળાજ ગ્રહણ કરે છે. ભાષા, મન ને શ્વાસોશ્વાસ વર્ગણા તે તે પર્યાપ્તિ જેણે બાંધી હોય તેજ ગ્રહણ કરી શકે છે. તૈજસ કાર્મણ વર્ગણા સર્વ જીવ સર્વદા ગ્રહણ કરે છે.

**પ્રશ્ન ૫—ભાષા, મન અને શ્વાસોશ્વાસ નામકર્મની ૧૦૩ પ્રકૃતિમાં નથી, તો તે કઇ પ્રકૃતિના ઉદયે ગ્રહણ કરી શકાય છે? કાર્ય કારણ ભેદે વસ્તુ જુદી જુદી સમજાય છે, તો પર્યાપ્તિ નામકર્મ ભાષા, મન અને શ્વાસોશ્વાસનું કારણ અને ભાષા, મન ને શ્વાસોશ્વાસ કાર્ય એમ ભેદ છે કે શી રીતે છે? તે ત્રણ પ્રકૃતિ ૧૫૮ થી જુદી ગણવી કે કેમ ?**

ઉત્તર—ભાષા, મન ને શ્વાસોશ્વાસ એ વર્ગણાઓ ઔદારિક અથવા વૈક્રિય શરીરવડે ગ્રહણ કરાય છે. તેમાં કારણભૂત તે શરીરનામકર્મ છે અને પર્યાપ્તિનામકર્મના બળથી તે તે પણે પરિણમી શકે છે. એને ૧૫૮ થી જુદી પ્રકૃતિ ગણવાની નથી. એનો સમાવેશ નામકર્મમાંજ થાય છે અને તેના ઉદયનુંજ એ કાર્ય છે.

પ્રશ્ન ૬—ઔદારિકાદિક પાંચે શરીરનામકર્મના ઉદયથી જીવને શું અનુગ્રહ થાય છે અને એ પાંચે પ્રકારની વર્ગણાઓ જીવને શું અનુગ્રહ કરે છે?

ઉત્તર—દરેક શરીરનામકર્મ પોતપોતાની વર્ગણાઓ ગ્રહણ કરે છે અને પછી તે તે પણે પરિણમાવી તેનાથી કરવાનું-લેવાનું કામ લેવામાં આવે છે. તેજ તેનો અનુગ્રહ છે.

પ્રશ્ન ૭—બાલ્યાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા પર્યંત શરીરનું જે નાના મોટાપણું અથવા સ્થૂળ સૂક્ષ્મપણું થાય છે તે શરીરનામકર્મની પ્રકૃતિનું કાર્ય છે કે તે શરીરની વર્ગણાના દળોનું કાર્ય છે.?

ઉત્તર—શરીરનામકર્મની પ્રકૃતિના ઉદયથી તે તે શરીરવર્ગણાના પુદ્ગળો ગ્રહણ થાય છે અને તે દળોવડે કરીનેજ તેની અવગાહના વધે છે. આત્મા જો પુષ્ટ વર્ગણા ગ્રહણ કરે છે તો પુષ્ટ થાય છે અને મંદ વર્ગણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રહણ કરે છે તો મંદ અથવા દુર્બળ થાય છે. શરીરની સ્થૂળતા ને સૂક્ષ્મતા તેમજ બળવાનપણું કે નિર્બળપણું તે બધું શરીરવર્ગણાના પુદ્ગળોથીજ થાય છે અને તેમાં કારણ તરીકે તે તે શરીરનામકર્મ હોય છે.

પ્રશ્ન ૮—પર્યાપ્તિ નામકર્મ જે દળોને આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ ભાષા અને મનરૂપ કરે છે તે કાર્મણ વર્ગણાના દળોને કરે છે કે તે તે વર્ગણાના દળોને કરે છે ?

ઉત્તર—પર્યાપ્તિનામકર્મથી શક્તિ પ્રાપ્ત થાય છે. પર્યાપ્તિ નામકર્મ પ્રથમ સમયે આહાર ગ્રહણ કરી શરીર બાંધવા માંડે છે, અને તેમાં પછી ઇંદ્રિયો બાંધે છે. આ બધું ઔદારિક અથવા વૈક્રિય વર્ગણાના દળોથી થાય છે અને તેજ શરીરવડે શ્વાસોશ્વાસ, ભાષા કે મનોવર્ગણાના દળોને ગ્રહણ કરવાની શકિત મેળવે છે. પછી જરૂર પડે ત્યારે તે તે વર્ગણાના દળોને ગ્રહણ કરી તે તે રૂપે પરિણમાવે છે. કાર્મણવર્ગણાના દળો ઉદયમાં આવે ત્યારે જુદી જુદી વર્ગણાઓ ગ્રહણ કરવામાં આવે છે, કાર્મણવર્ગણા તેરૂપ થતી નથી.

પ્રશ્ન ૯—દ્રવ્ય લેશ્યાના વર્ણ ગંધ રસ ને સ્પર્શ માનેલ છે, તેથી તે પુદ્ગળો તો છે જ, પણ આઠકર્મની ૧૫૮ પ્રકૃતિમાં લેશ્યા નામની કોઇ પ્રકૃતિ નથી માટે તે કયા કર્મની પ્રકૃતિ સમજવી ?

ઉત્તર–લેશ્યા માટે ત્રણ મત છે. કોઇ તેને કષાય જન્ય, કોઈ યોગ જન્ય અને કોઈ અષ્ટકર્મ જન્ય કહે છે. તે અનુસાર કષાય, યોગ કે અષ્ટકર્મ તેના કારણ રૂપ છે અને તેથી ઉત્પન્ન થતી દ્રવ્ય લેશ્યાઓ છે. ભાવ લેશ્યા તો અધ્યવસાય રૂપ છે.

પ્રશ્ન ૧૦—ભાવ લેશ્યા અને અધ્યવસાય કોને કહીએ ? વસ્તુ ગતે તે શું છે ? અને શાથી નિષ્પન્ન થાય છે ? નિષ્પન્ન થવાનું કારણ શું છે ? અને તે અનુગ્રહ ઉપઘાત શું કરે છે ?

ઉત્તર—ભાવ લેશ્યા ને અધ્યવસાય એક જ છે. તે આત્માના પરિણામ છે. અનેક નિમિત્ત–કષાય યોગાદિકને પામીને તે જુદા જુદા પ્રકારના થાય છે. અષ્ટ કર્મોદય પણ તેમાં કારણભૂત છે. અને તેથી જેવા જેવા શુભ કે અશુભ અધ્યવસાય થાય તેવા તેવા શુભ કે અશુભ કર્મ બંધાય છે.

પ્રશ્ન ૧૧—આયુષ્યનું પ્રમાણ કેટલાક શ્વાસોશ્વાસ ઉપર કહે છે તે બરાબર છે ? જો એમ હોય તો પરભવના આયુનો ઉદય તો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ બાંધ્યા અગાઉ થાય છે અને અપર્યાપ્ત અવસ્થામાં કાળ કરનાર જીવ તો શ્વાસોશ્વાસ લેતોજ નથી, ત્યારે અગાઉ મરણ પામે છે, માટે એમાં સત્ય શું છે ?

ઉત્તર—આયુષ્યનું પ્રમાણ ચર જ્યોતિષીને આધારે ગણાતા દિન, માસ, વર્ષાદિ પ્રમાણેજ શાસ્ત્રમાં કહેલું છે. દરેક જીવ આખા ભવમાં કેટલા શ્વાસોશ્વાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવાનો છે તે નિર્ણિત થયેલું હોય છે, પરંતુ એક સરખા આયુષ્યવાળા પણ શ્વાસોશ્વાસ સરખા લઈ શકતા નથી. માત્ર શ્વાસોશ્વાસ તો શરીરમાં જીવ છે કે નહીં ? તે સૂચવનાર છે. બાકી દેવતાઓ તો આયુષ્યના પ્રમાણમાં હજારો વર્ષે શ્વાસોશ્વાસ લેય છે, માટે આયુષ્યનું પ્રમાણ શ્વાસોશ્વાસ ઉપર નથી.

મોટા નવતત્ત્વમાં, એક ગાથામાં એક મુહૂર્ત એટલે બે ઘડી અથવા ૪૮ મીનીટમાં ૩૭૭૩ શ્વાસોશ્વાસ લેય એમ કહ્યું છે. તે હીસાબે એક મીનીટમાં ૭૮ શ્વાસોશ્વાસ થયા તે કેવા હોય તે કાંઈ સમજાતું નથી. જ્ઞાનીગમ્ય વાત છે.

પ્રશ્ન ૧૨—જે લેશ્યાએ આયુષ્યનો બંધ થયો હોય તેજ લેશ્યાએ જીવ મરણ પામે એમ સાંભળ્યું છે તે બરાબર છે ? મિથ્યાત્વ ગુણઠાણે વર્તતાં નરકાયુ બાંધ્યું હોય, પછી ક્ષાયિક સમકિત પામે તો આયુ બંધ વખતે જે અશુદ્ધ લેશ્યા મિથ્યાત્વ ગુણઠાણાને લઈને હતી તેવી અશુદ્ધતા ક્ષાયક સમકિત છતાં મરણ વખતે હોઈ શકે ? કે એમાં કાંઈ તરતમતા થાય ?

ઉત્તર—આયુબંધ વખતની લેશ્યા અંત સમયે હોય છે તે ખરી વાત છે. તેથીજ જીવ તે ગતિમાં જાય છે. પ્રથમ અશુભ ગતિનું આયુષ્ય બાંધ્યા પછી શુભ પરિણામે સમકિત પામેલ હોય તો પણ અંત વખતે તો અશુભ લેશ્યા થાય છે. ક્ષાયિક સમકિતીમાં પણ પૂર્વપ્રતિપન્નને છએ લેશ્યા હોય છે. તરતમ ભાવ હોય તો ના નહીં. મંદતા તો સંભવે છે. પહેલા ગુણઠાણા જેવી તીવ્ર અશુભ લેશ્યા સંભવતી નથી.

પ્રશ્ન ૧૩—ઉપશમ સમકિતી મિથ્યાત્વે ગયા પછી ફરીને ઉપશમ સમકિત પામે ત્યારે પ્રથમની માફક ત્રણ કરણ અને ત્રણ પુંજ કરે ? પાંચે વખત ઉપશમ સમકિત પામવાની ક્રિયા એક સરખી હોય કે કેમ ! અનાદિની નીવડ કર્મગ્રંથી તો પ્રથમ ઉપશમ વખતે ભેદેલી છે, તો બીજી ચાર વખત અપૂર્વકરણવડે શું કરે ?

ઉત્તર--ઉપશમ સમકિતી બીજી ચાર વાર ઉપશમ સમકિત પામે ત્યારે પ્રથમ પ્રમાણે ત્રણ કરણ કરવાના ન હોય, કારણ કે એ ચાર વાર તો ઉપશમ શ્રેણિ માંડનારજ ઉપશમ સમકિત પામે છે. અને ત્રણ પુંજ તો અનાદિ મિથ્યાત્વી પ્રથમ ઉપશમ સમકિત વખતે કરે છે, પછીના ઉપશમ સમકિત વખતે કરતા નથી, ગ્રંથીભેદ પણ પ્રથમ કરેલ હોવાથી પછી કરવાનો નથી, પરંતુ અધ્યવસાય પ્રથમના અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ જેવા થાય છે.

પ્રશ્ન ૧૪—ક્ષુલ્લક ભવનું આયુ જઘન્ય ૨૫૬ આવળીનું કહેલું છે. તે સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તાનું કે પર્યાપ્તાનું સમજવું ? લબ્ધિ અપર્યાપ્તા ને લબ્ધિ પર્યાપ્તાના આયુષ્યમાં કાંઈ ઓછાવત્તાપણું છે ? હોય તો કેટલું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર-ક્ષુલ્લક ભવનું આયુ જે ૨૫૬ આવળીનું જઘન્ય કહેલું છે તે સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તનું સમજવું, પર્યાપ્તનું સમજવું નહીં. પર્યાપ્તનું તે કરતાં વધારે હોય છે. કેટલું વધારે તે ચોકસ કહેલું નથી. અંતર્મુહૂર્ત્ત કહેલું છે.

પ્રશ્ન-૧૫-નવતત્ત્વ ગાથા ૪૯ મીમાં સિદ્ધના જીવોને કેવળજ્ઞાન ને કેવળદર્શન એ બે ક્ષાયિક ભાવે હોય એમ કહ્યું છે. અને ક્ષાયિક ભાવ તો નવ પ્રકારે છે, તે નવે તેમને પ્રાપ્ત થયેલા છે, તો તે કેમ કહ્યા નથી?

ઉત્તર-એમને નવે પ્રકારનો ક્ષાયિક ભાવ વર્તે છે, પણ **ઉપયોગ-વપરાશ આ બેનીજ છે,** તેથી બે કહેલ છે. દાનાદિ પાંચે લબ્ધિઓ પણ છે અને સમકિત ને ચારિત્ર પણ છે, ચારિત્ર સ્થિરતારૂપ કહ્યું છે. બીજી લબ્ધિઓ પ્રવૃત્તિ રૂપ નથી, ગુણ રૂપે અવસ્થિત છે.

પ્રશ્ન ૧૬-કર્મગ્રંથ ૫ માની ગાથા ૪૫ મીમાં વૈક્રિયષટ્કની જે જઘન્ય સ્થિતિ કહી છે તે કોણ બાંધે અને મધ્યમ ને ઉત્કૃષ્ટ સ્થિતિ કોણ બાંધે. ?

ઉત્તર-એ ગાથાની ટીકામાં સ્પષ્ટપણે વૈક્રિયષટ્કની જઘન્ય સ્થિતિના બંધક અસંજ્ઞી પંચેંદ્રિય કહ્યાજ છે. કારણકે એકેંદ્રિય, વિકળેંદ્રિયને સ્વર્ગ કે નરકમાં જવું નથી તેથી તે ન બાંધે. સંજ્ઞીપંચેંદ્રિય તિર્યંચ ને મનુષ્ય એની મધ્યમ અથવા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે.

પ્રશ્ન ૧૭-નરકાનુપૂર્વીનો ઉદય વક્રગતિએ નરકે જતાં વાટે વહેતાં વચલે સમયે હોય એમ કહ્યું છે, તો સાસ્વાદન સમકિતી માટે શી રીતે સમજવું? આ બાબત બીજા કર્મગ્રંથની ૧૪મી ગાથાના બાળાવબોધમાં લખેલ છે તે બરાબર સમજાતું નથી.

ઉત્તર-સાસ્વાદન સમકિતી નરકે નજ જાય એમ સમજવું. તેથી સાસ્વાદન સમકિત છતં નરકાનુપૂર્વીનો ઉદય ન હોય તેમ કહ્યું છે તે બરાબર છે. બાકી પરભવ જતાં આયુ ને ગતિનો ઉદય તો પહેલે સમયેજ થાય છે અને તે ગતિની અનુપૂર્વીનો ઉદય બીજે સમયે થાય છે. આયુના ઉદય વિના જીવ એક સમય પણ રહેતો નથી. જો નરકે જવાનો હોય તો સાસ્વાદનની સ્થિતિ પૂરી કરી મિથ્યાત્વ પામ્યા પછી જાય. આ બાબત બાળાવબોધમાં જરા ગોટાળું લખાણુ છે, તેનું રહસ્ય ઉપર પ્રમાણે સમજવું.

પ્રશ્ન ૧૮-આહારકદ્વીક ને જિનનામની જઘન્ય સ્થિતિ અંતઃકોડાકોડીની કહી છે તે બરાબર છે? તે જઘન્ય સ્થિતિના અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક કોણ હોય ?

ઉત્તર-જિનનામ ને આહારકદ્વીકની જઘન્ય સ્થિતિ કુ સાગરોપમથી કંઈક ઉણુ કહી છે. કેટલાક આચાર્ય તો જિનનામની દશ હજાર વર્ષની અને આહારક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હીકની અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિ કહે છે. સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સંકલેશે થાય છે ને જઘન્ય વિશુદ્ધિએ થાય છે, તેથી જિનનામની જઘન્ય સ્થિતિના બંધક આઠમા ગુણઠાણાવાળા ને ઉત્કૃષ્ટના બંધક ચોથા ગુણઠાણાવાળા હોય છે. આહારક હીકના જઘન્ય સ્થિતિબંધક સાતમાવાળા ને ઉત્કૃષ્ટ સ્થિતિબંધક છઠ્ઠા વાળા છે. આ બાબત બાળાવબોધમાં સ્પષ્ટ ન સમજાય તો ટીકાનો લાભ લેવો, તેમાં આ બાબત બહુ સ્પષ્ટ કરી છે.

જિનનામનો ઉદય જે તીર્થંકર થયેલા હોય તેમનેજ ૧૩મે ગુણઠાણે થાય છે, બીજાને નહિ. જિનનામનો બંધ આઠમા ગુણઠાણા પછી છેજ નહીં. સામાન્ય કેવળીને જિનનામનો ઉદય હોયજ નહીં. આ બાબત વધારે સમજવાની અપેક્ષાવાળાએ તેના જાણકારની રૂબરૂમાં જઇને પૂછવું યોગ્ય છે.

પ્રશ્ન ૧૯—નામકર્મની પ્રકૃતિમાં શ્વાસોશ્વાસ નામકર્મ છે, અને ભાષા ને મન માટે તો કોઈ પ્રકૃતિ નથી તેનું શું કારણ ? અને શ્વાસોશ્વાસ નામકર્મ જીવને શું અનુગ્રહ કરે છે ?

ઉત્તર—શ્વાસોશ્વાસ નામકર્મ જીવને સુખે સુખે શ્વાસોશ્વાસ લેવાય એજ અનુગ્રહ કરે છે. ભાષા ને મન માટે જુદી પ્રકૃતિની અપેક્ષા નથી. તે વર્ગણા ગ્રહણ કરવા વિગેરેની શક્તિ પર્યાપ્ત નામકર્મથી જીવે પ્રાપ્ત કરેલી હોય છે. તે પ્રમાણે શરીરનામકર્મવડે તે વર્ગણા ગ્રહણ કરે છે ને તે રૂપે પરિણમાવી તેનું કાર્ય કરીને છોડી દે છે.

પ્રશ્ન ૨૦—બાહુબળીને ચારિત્ર અંગીકાર કરીને કાર્યોત્સર્ગે રહ્યા તે વખત માન હતું તે કેવું હતું ? સંજ્વલન હોય તો વરસ સુધી કેમ રહ્યું ?

ઉત્તર—એમને માન તો સંજ્વલનજ હતું એમ જણાય છે, કારણ કે તેઓ છઠ્ઠે સાતમે ગુણઠાણે વર્તતા હતા. પણ સંજ્વલન ચાર પ્રકારનું હોય છે, તેમાંનું આ અપ્રત્યાખ્યાની જાતિનું હોવા સંભવ છે, તેથી એક વરસસુધી ટક્યું છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

# મહાપુરૂષોના વિચાર રત્નો.

( સંગ્રાહક: જયંતીલાલ છબીલદાસ સંઘવી—મોરબી )

**સત્યનું મહાત્મ્ય**—જે સત્યને જાણે છે; મનથી, વાચાથી, કાયાથી, સત્યજ આચરે છે; તે પરમેશ્વરને ઓળખે છે. જગતમાં આકરામાં આકરૂં વ્રત સત્યનું છે. લાખો મથે તેમાંથી કોઇકજ એજ જન્મમાં પાર ઉતરે. સત્યમાં અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય આદિનો સમાવેશ થઇ જાય છે. સત્ય સ્વયંપ્રકાશ ને સ્વયંસિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સત્યને કાળની બાધા લાગતીજ નથી. સત્યના જેવો દુનિયામાં બીજો વ્યવહારિક પદાર્થ નથી. સત્ય વિના નિર્દોષતા સંભવેજ નહિ એટલે સત્યનું આચરણ એજ આપણી મુક્તિનું દ્વાર છે. જેનામાં સત્ય અને સેવા પૂર્ણપણે પ્રગટ થાય તે જગતના હૃદયનું સામ્રાજ્ય જરૂર ભોગવે ને ધારેલા કાર્ય પાર પાડે. સત્યનોજ જય છે, એવું ઇશ્વર વચન છે તેમાં અપવાદ નથી. ( **મહાત્મા ગાંધીજી** )

**જાગૃત થાઓ !**—ઘરના ખુણામાં ભરાઇને આપણે ઘણા સમય સુધી રડ્યા કર્યું છે, હવે વિશેષ રડવાની જરૂર નથી. આંખો લુંછીને તમારા પગપર ઉભા થાઓ અને વજ્રજેવા મજબુત ખરા મનુષ્ય બનો. ( વિવેકાનંદજી )

**ઓ માનવ !**—ઉદાર નમ્ર અને સરળ થા ! પ્રભુએ જે કૃપા તારાપર વરસાવી છે તે બીજા પ્રાણીપર વર્ષાવતાં શીખ ! **(સાદી)**

**શક્તિઓની એકત્રતા**—એક વિષય ઉપર પોતાની શક્તિઓ એકત્ર કરવાથી નબળામાં નબળું પ્રાણી પણ કંઇ કરી શકે છે, બળવાનમાં બળવાન માણસ પણ જો પોતાની શક્તિઓ ઘણા વિષયમાં વિખેરી નાખે છે તો તે કાંઇ પણ કરી શકતો નથી. ટીપું ટીપું પણ હમેશાં એકજ જગ્યાએ પડ્યા કરે છે તો તે સખ્તમાં સખ્ત પત્થરને પણ કોરે છે, જ્યારે ઉતાવળા ધોધ તેના ઉપર થઇને પસાર થઇ જાય છે પણ તેનું નામ નિશાન રહેતું નથી. દરેક મહાન્પુરૂષ મહાન્ બન્યો છે, દરેક ફતેહમંદ માણસે ફતેહ મેળવી છે, તે તે માણસે અમુક ખાસ દિશામાંજ પોતાની સર્વ શક્તિઓનો ઉપયોગ કર્યો છે તેથીજ. ( **કાર્લાઇલ** )

**ચારિત્ર્ય**—એ એક એવો હીરો છે જે દરેક બીજા પત્થરને ઘસી શકે છે. **લોન્ગ ફેલો.**

**અંતરાત્માનો આદેશ**—જે સંયમી છે, જે અહિંસા, સત્ય અને અપરિગ્રહનું પાલન કરનારો છે, તેજ કહી શકે કે મને અંતરાત્માનો આદેશ થયો છે.

**પ્રતિજ્ઞા**—દેહ પડે તો પણ કરેલી શુભ પ્રતિજ્ઞા મૂકવી જોઇએ નહિ. ( **મહાત્મા ગાંધીજી** )

**દ્રઢ સંકલ્પ**—સાચામાં સાચું—ખરામાં ખરૂં ડહાપણ દ્રઢ સંકલ્પ છે. **નેપોલીયન.**

જેનામાં દ્રઢ સંકલ્પ કરવાની શકિત નથી તેનામાં ડહાપણ નથી. **શેકસપીયર.**

**તક**—નબળા માણસો તકને માટે રાહ જોઇ બેસી રહે છે, મજબુત માણસો પ્રયત્નવડે તક મેળવે છે, તક ઉભી કરે છે, તક માટે રાહ જોતા નથી, માટે તમારી તક તમે ઉત્પન્ન કરો. **( લોવેલ )**

**સુચના**—ગયા અંકમાં આપેલા શ્રીઋષભદેવના સ્તવનની છેલી ગાથામાં 'જિન ઉત્તમ ગુણ ગાવતાં' એ પદમાં શ્રી પદ્મવિજયજી મહારાજે પોતાના ગુરૂ શ્રી ઉત્તમવિજયજી અને તેમના ગુરૂ શ્રી જિનવિજયજીનું નામ પણ સૂચવ્યું છે. એમ એક જૈનબંધુ જણાવે છે તે બરાબર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तकोनी पहोंच.

## ૧ શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત
## દોઢસો ગાથાનું સ્તવન તથા સવાસો ગાથાનું સ્તવન.
## અર્થ સહિત.

આ બંને સ્તવનો પ્રથમ છપાયેલા છે. દોઢસો ગાથાના હુંડીના સ્તવનનો અર્થ શ્રી પદ્મવિજયજી મહારાજે બહુ વિસ્તારથી લખેલો છે. આ બુકમાં તેની ભાષામાં કેટલોક ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રથમના સ્તવનમાં સ્થાનકવાસીઓની પ્રતિમાજી ન માનવા વિગેરે માન્યતાઓનું શાસ્ત્રાધાર સાથે સચોટ રીતે ખંડન કરેલું છે. ખાસ વાંચવા લાયક છે. બીજા સ્તવનમાં શિથિળાચારીઓનું ખંડન કરેલું છે. આ સ્તવનો નથી પણ ગ્રંથ છે. આ બુક પાલીતાણાવાળા શ્રાવિકા બહેન હરકોરે છપાવેલ છે. કિંમત રૂ ૨) રાખેલી છે. બુકના પ્રમાણમાં વધારે નથી. છાપકામ ને બાંધણી બંને સારાં છે. બુક ખરીદ કરવા લાયક છે.

## ૨ ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆનો સંવત ૧૯૭૭-૭૮નો રિપોર્ટ.

આ રિપોર્ટની અંદર પ્રસ્તુત બે વર્ષમાં થયેલા અનેક કામોની ઉપયોગી નોંધ છે. વાંચવા લાયક છે. કાંકરોળીના કેસની તમામ હકીકત વાંચવા યોગ્ય છે એ બાબતમાં ચોતરફથી અવાજ ઉઠાવવાની જરૂર છે. રિપોર્ટ જોતાં એ ખાતાની મેનેજીંગ કમીટીની જાગૃતિ સારી જણાય છે.

## ૩ શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ-સુરતનો સં.૧૯૭૮ નો ચોથો વાર્ષિક રિપોર્ટ

આ રિપોર્ટ ખાસ વાંચવા લાયક છે. અંદર આશ્રમને લગતી ઘણી બાબતો સમાવેલી છે. વિદ્યાર્થીઓને આશ્રમમાં પાળવાના ૧૫ નિયમો ખાસ ધ્યાન આપવા યોગ્ય છે અને તેવા નિયમો દરેક જૈન બોર્ડીંગ વિગેરેમાં હોવાની અગત્ય છે. આ સંસ્થા ખાસ સહાય આપવા લાયક છે. કાર્યવાહકો પ્રયત્નશીલ છે. અમે તે સંસ્થાની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## ૪ જૈન સતી રત્ન-પ્રથમ ભાગ.
## (સીતા, બ્રાહ્મી, સુંદરી ને ચંદનબાળાના ચરિત્રો.)

આ બુક મહિલા ગૌરવમાળાના પ્રથમ પુષ્પ તરિકે હાલમાંજ બહાર પડેલી છે તે હિંદી ઉપરથી ગુજરાતીમાં અનુવાદ શ્રીયુત લાલચંદ લખમીચંદ શાહ અને સૌ. ઉષાએ કરેલ છે. પ્રકાશક કૃષ્ણલાલ વર્મા પ્રોપ્રાઇટર. ગ્રંથ ભંડાર. મુંબઇ છે. ચારે સતીઓના ચરિત્રો બહુજ અસરકારક ભાષામાં લખવામાં આવ્યા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ વાંચવા લાયક છે. બુકની અંદર ૬ જુદા જુદા ફોટા આપવામાં આવ્યા છે. પ્રારંભમાં આ નવીન સંસ્થાને અંગે કેટલીક હકીકત આપવામાં આવેલ છે. બુકની કિંમત રૂ ૧। રાખવામાં આવી છે. આ બુક ખરીદ કરીને અથવા એ માળાના ગ્રાહક થઇને ઉત્તેજન આપવા લાયક છે.

## ૫ શ્રી જિનગુણ પદ્યાવળી.

શ્રી મેસાણા શ્રેયસ્કર મંડળ તરફથી આ બુક સંગીતના અભ્યાસીઓને માટે બહુજ ઉપયોગી બહાર પડી છે. એની અંદર સમર્થ મુનિરાજો તથા ગ્રહસ્થાદિકના રચેલા અનેક પદ્યોનો સંગ્રહ બહુ સારી રીતે ચુંટણી કરીને કર્યો છે. એમાં એકંદર ૯૪-૧૨ કુલ ૧૦૬ પદો છે. ઉપરાંત પાછળ દશ પૃષ્ટોમાં પૂજા ભણાવતી વખત દુહામાં ઉતારવાના જુદા જુદા રાગોનું ટાંચણ બહુ સારૂં કર્યું છે. બુકની અંદર સાધ્વીજી કેવળશ્રીજીના ઉપદેશથી શેઠ અંબાલાલ લલુભાઇના ધર્મપત્ની મંગુબ્હેને રૂા. ૨૫૦) ની સહાય આપેલી હોવાથી બુકની કિંમત માત્ર બે આના રાખી છે. તે બહુજ ઓછી છે. દરેક જૈનગૃહમાં રાખવા લાયક છે.

## ૬ આત્મજ્ઞાન પ્રવેશિકા આવૃત્તિ બીજી.

### લેખક પંન્યાસજી કેશરવિજયજી. કિંમત માત્ર ત્રણ આના.

આ બુક જૈન બંધુઓને ખાસ વાંચવા લાયક છે. પહેલી આવૃત્તિમાં ૨૨ પાઠ હતા. બીજી આવૃત્તિમાં પાંચ પાઠ વધારવામાં આવ્યા છે. દરેક પાઠમાં બહુ ઉપયોગી બાબતો સમાવી છે. કોઇ પણ વિષયને બીજા સમજે તેવી રીતે કાગળ ઉપર મૂકવો તે સામાન્ય શક્તિનું કામ નથી. આ બુક શાંતિથી વાંચવી અને જે વાત ન સમજાય તે અન્ય સુજ્ઞ પાસે સમજવી. બુક ઉપકારક થાય તેવી છે. કિંમત બહુજ ઓછી છે.

## કાયમ વપરાતા શબ્દમાં સુધારો.

શ્રી સંઘના મોટા જમણવારને-આપણે **સ્વામીવાત્સલ્ય** એવા શુદ્ધ નામથી કહીએ છીએ. તે સંબંધમાં એક વિદ્વાને વિશેષ અજવાળું પાડયું છે કે-એ શબ્દ શુદ્ધ નથી. તેને બદલે સહધર્મી અથવા સાધર્મી વાત્સલ્ય કહેવું જોઇએ. સ્વામીનો અર્થ તે જગ્યાએ બંધબેસ્તો થઇ શકતો નથી. આ હકીકત અમને પણ યોગ્ય લાગે છે.

**નવકાર** શબ્દના સંબંધમાં તે વિદ્વાન મુનિમહારાજાઓને પૂછવા સૂચવે છે કે-' એનો અર્થ શું? એ કઇ ભાષાનો શબ્દ અને શી રીતે બન્યો? તેને બદલે નમોક્કાર કહેવું યોગ્ય કે નહી?' આ સંબંધમાં વિદ્વાન મુનિઓ વિગેરેએ પોતાના વિચારો જણાવવા કૃપા કરવી.

અમને તપાસ કરતાં પ્રાકૃત **णवकार** શબ્દનો સંસ્કૃતમાં **नमस्कार** અર્થ કરેલો જણાયો છે, તેથી એમ સમજાય છે કે નમસ્કારનો નવકાર શબ્દ થયો હશે.

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરીનું પદ સોળમું. સાર્થ.

(રાગ ભૈરવ.)

વિરથા જન્મ ગમાયો મૂરખ! વિરથા૦ એ આંકણી.
રંચક[1] સુખરસ વશ હોય ચેતન, અપનો મૂલ નસાયો;
પાંચ મિથ્યાત ધાર તું અજહું[2], સાચ ભેદ નવિ પાયો. મૂરખ૦ ૧
કનક કામિની અરૂ એહથી, નેહ નિરંતર લાયો;
તાહુથી તું ફિરત સુરાના[3], કનક બીજ[4] માનુ ખાયો. મૂરખ૦ ૨
જનમ જરા મરણાદિક દુઃખમેં, કાળ અનંત ગમાયો;
અરહટ ઘટિકા[5] જિમ કહો યાકો, અંત અજહું નવિ આયો. મૂરખ૦ ૩
લખ ચોરાશી પહેર્યા ચોલના[6], નવ નવ રૂપ બનાયો;
વિન સમકિત સુધારસ ચાખ્યા, ગિણતી કોઉ ન ગિણાયો. મૂરખ૦ ૪
એતી પર નવિ માનત મૂરખ, એ અચરિજ ચિત્ત આયો;
ચિદાનંદ તે ધન્ય જગતમેં, જિણે પ્રભુશું મન લાયો. મૂરખ૦ ૫

**વ્યાખ્યાન**--જ્ઞાની ઉપગારી ગુરૂ, અજ્ઞાન વશ અવળા ચાલતા ને નાચતા સાધુ શ્રાવકને સમજાવે છે અથવા તેવા ગુરૂનાં હિતવચન સાંભળી કોઇ ખપી જીવ શોચ કરતો—આત્મનિંદા કરતો કરતો બીજા મુગ્ધ જીવોને સહેજે જણાવે છે. હે મુગ્ધ પ્રાણી ! તું વૃથા આ અમૂલ્ય માનવ ભવ હારી ગયો. તારૂં હવે શું થશે ? મધલાળ સમાન લવલેશ વિષયસુખમાં લુબ્ધ થઈ જઈ તેં આત્માનું ખરૂં સુખ ખોયું-ગુમાવ્યું, તે ફરી મેળવવું અશક્ય કે દુઃશક્ય કરી મૂક્યું, કેમકે આત્માનો ખરો ભેદ-વિવેક નહીં પામવાથી, અદ્યાપિ તું અજ્ઞાનાદિકવડે પાંચ પ્રકારનાં મિથ્યાત્વ (અશ્રદ્ધા કુશ્રદ્ધા યા વિપરીત શ્રદ્ધા) ને પોષે છે. ૧.

તું કનક (સુવર્ણાદિક ધન) અને કામિની (સ્ત્રી) માંજ દિન રાત રચ્યો પચ્યો રહે છે. જાણે ધંતુરાના બીજ ખાઇને ગાંડો-દીવાનો થયો હોય એમ તેની પાછળ ફર્યા કરે છે. ૨.

જન્મ જરા અને મરણ સંબંધી યા આધિ વ્યાધિ કે ઉપાધી સંબંધી અપાર દુઃખો સહન કરતાં કરતાં અનંતો (જેનો તાગ ન આવે એટલો બધો) કાળ વીતાવ્યો તો પણ જેમ અરહટ-રેંટની ઘડીઓ ભરાતી ને ઠલવાતી જાય તેમ અદ્યાપિ એની એજ દુઃખની ઘડીઓનો અંત નજ આવ્યો. મિથ્યાત્વાદિક યોગે જીવને જન્મ મરણનો અંત આવતોજ નથી. ૩.

ચોરાશી લાખ ગહન જીવાયોની રૂપી નવા નવા વેશ પહેરીને-નાટકીયાની

---

૧ અલ્પ ૨ હજી. ૩ મદિરાપાનીના જેમ. ૪ ધતુરાનાં બી. ૫ ફરતા રેંટના ઘડા ૬ વેશ. નવા નવા શરીર રૂપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેરે નવી નવી કોટીમાં પ્રવેશ કરી અનેક પ્રકારે તું નાચ નાચ્યો અને વિડંબનાઓ પામ્યો; પરંતુ શુદ્ધ શ્રદ્ધાનરૂપ સમકિત-અમૃતનું આસ્વાદન કર્યા વગર એ અનેકવિધ નાચ કરતાં સહેવા પડેલા અનંતા કષ્ટ કંઈ લેખે ન આવ્યા. ૪.

આટલાં આટલાં વીતકઠાં વીત્યાં છતાં—માથે દુઃખનાં ઝાડ ઉગ્યાં છતાં તારી શ્રદ્ધા—માન્યતા સુધરતી નથી—સુધરવા પ્રયત્ન કરતો નથી અને હજુ સુધી પૂર્વોક્ત મિથ્યાત્વનેજ વળગી રહે છે, એથી મનમાં અચંબો લાગે છે. આ વિશ્વમાં ધન્ય, કૃતપુન્ય, જ્ઞાની, સુશ્રદ્ધાળુ અને સદાચરણી સજ્જનો તેજ છે કે જેમણે શુદ્ધ આત્મતત્ત્વને યથાર્થ ઓળખી, તેના પુષ્ટ આલંબનવડે રાગ દ્વેષ ને મોહાદિક અનાદિ દોષોને ટાળવા પ્રબળ પુરૂષાર્થ ફોરવી, સમતાદિક આત્મગુણોને વિકસાવવામાંજ પૂરી પ્રીતિ ધારણ કરી છે. ૫.

**સારબોધ**—અનાદિ મિથ્યાત્વાદિક દોષમાત્રને તજી સમકિતાદિક સદ્ગુણોનું પ્રેમોલ્લાસથી સેવન કરનારનોજ માનવભવ લેખે થાય છે.

## પદ ૧૭ મું
### (રાગ ભેરવ)

જગ સુપનેકી માયા રે નર! જગ૦ એ આંકણી.
સુપને રાજ પાય કોઉ રંક જ્યું, કરતા કાજ મન ભાયા;
ઉઘરત નયન હાય લખ ખપ્પર[1], મન હું મન પછતાયા. રે નર જગ૦ ૧
ચપલા[2] ચમત્કાર જિમ ચંચળ, નરભવ સૂત્ર બતાયા;
અંજલી જલ સમ જગપતિ જિનવર, આયુ અથિર દરસાયા. રે નર જગ૦ ૨
યૌવન સંધ્યારાગ રૂપ પુનિ, મળ મલિન અતિ કાયા;
વિણસત જાસ વિલંબ ન રંચક, જિમ તરૂવરકી છાયા. રે નર જગ૦ ૩
સરિતાવેગ[3] સમાન જ્યું સંપતિ, સ્વારથ સુત મિત જાયા;
આમિષલુબ્ધ[4] મીન જિમ તિન સંગ, મોહજાળ બંધાયા. રે નર જગ૦ ૪
એ સંસાર અસાર સાર પિણ, યામેં છતના પાયા;
ચિદાનંદ પ્રભુ સુમરનસેંતિ, ધરિયે નેહ સવાયા. રે નર જગ૦ ૫

**વ્યાખ્યાન**—ચતુરનર ! આ જગતની માયા સ્વપ્ન સરખી ખોટી-અસાર સમજી તેમાં મુંઝાઈશ નહિ, ચેતીને ચાલજે, રખે તેમાં લેવાઈ જતો. જેમ કોઈક રંકને સ્વપ્નામાં રાજ્ય મળ્યું અને જાણે પોતે બધું રાજકાજ કરવા લાગ્યો, પણ આંખ ઉઘડી કે તેમાંનું કશુંએ ન મળે ને ઉલટો પસ્તાવો કરવા લાગ્યો, એવી

૧ હાથમાં ખપ્પર-ભિક્ષાપાત્ર જેવડી. ૨ વીજળી. ૩ નદીનો વેગ. ૪ માંસની લાલચમાં લુબ્ધ થએલ.

For Private And Personal Use Only

જગતની માયા જૂઠી છે. ૧

સિદ્ધાન્તમાં દશ દ્રષ્ટાન્તે મનુષ્ય ભવની દુર્લભતા બતાવી છે. વીજળીના ચમકારની જેવું જીવન ક્ષણવિનાશી છે અને આયુષ્ય અંજલિમાં રહેલું જળ જેમ જોતજોતામાં છૂટી જાય એવું અસ્થિર છે, એમ શાસ્ત્ર ભગવાને ભાખેલું છે. ૨

જોબન સંધ્યાના રંગ જેવું ચંચળ છે. કાયા અનેકવિધ અશુચિથી ભરેલી હોવાથી મેલી છે. વળી વૃક્ષની છાયાની જેમ એ કાયાને ક્ષીણ થતાં વાર લાગતી નથી. મૂઢતાથીજ તેમાં મુંઝાઇ રહેવાય છે. ૩

લક્ષ્મી નદીના પાણીના વેગની જેમ જોતજોતામાં ચાલી જાય છે. પુત્ર, મિત્ર અને સ્ત્રી પ્રમુખ સંબંધીઓ સ્વાર્થના સગા છે. તેમની સંગાતે માંસની પેશીમાં લુબ્ધ થયેલા માછલાંની પેઠે મુગ્ધ જીવ મોહજાળથી બંધાઇ રહે છે. ૪

એ રીતે ચાર ગતિરૂપ સંસાર બધો અસારજ છે, તેમ છતાં તેમાં સાર માત્ર એટલોજ લેખાય કે તથાવિધ સામગ્રી પામીને નિરંજન–વીતરાગ પ્રભુનું સ્મરણ–ચિંતવન સાચા દિલથી પ્રેમોલ્લાસપૂર્વક નિત્ય ચઢતે રંગે કરવા પામીએ–કરી શકીએ. ૫

**સાર બોધ**—દુનિયાની દરેક ચીજ સ્વપ્નવત્ સરી જનારી છે, તેથી સુજ્ઞ ચકોર ભાઇબ્હેનોએ તેમાં ફસાઇ ન જવાય એવી ખબરદારી રાખવી ઘટે છે. એમ એવી લલચામણી સામે અડગ રહેવામાંજ જ્ઞાનની ખરી કસોટી થાય છે. અજ્ઞાની જીવ તેમાં સહેજે લેવાઇ–લપટાઇ જાય છે, ત્યારે જ્ઞાની ખુબ ચેતતા રહે છે અને લાગ પામીને આ બધો ક્ષણિક સંબંધ છોડી દઇ સાચો ધર્મસ્નેહ જોડી લે છે. તેઓ ચક્રવર્તી જેવી ઋદ્ધિ પણ તૃણની જેમ તજી જ્ઞાન વૈરાગ્યથી દીક્ષા લઇ આત્મકલ્યાણ સાધી શકે છે.

## ઉપધાનની ક્રિયા

ચાલતા ચતુર્માસને અંતે શમી, વીરમગામ, પાલણપુર ને ઝીંઝુવાડામાં ઉપધાન વહેવરાવવાનું નક્કી થઇ ગયું છે. વીરમગામની તો કુંકુમપત્રિકા પણ આવી ગઇ છે. શ્રાવકને કરવાની આ ઉંચા પ્રકારની આવશ્યક ક્રિયા છે. ઉત્તમ શ્રાવક શ્રાવિકાઓ સારી સંખ્યામાં તેનો લાભ લેશે એવો સંભવ છે.

—:ૐ:—

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વર્તમાન સમાચાર.

પ્રસ્તુત વર્ષમાં પર્યુષણ બહુ નિર્વિઘ્ને થયા છે. અનેક સ્થાને તપસ્યાઓ, વરઘોડાઓ, સાધર્મીવાત્સલ્યો અને દેવદ્રવ્યાદિક સત્કાર્યમાં દ્રવ્યનો વ્યય પુષ્કળ થયેલ છે. તેની બધી હકીકત સ્થળસંકોચના કારણથી અમે આપી શકતા નથી, જૈન વિગેરે પત્રોથી જાણવા લાયક છે.

શાગી છેલ્લા રાધણપુરની હકીકત ગયા અંકમાં આપેલ છે, તેમાં જણાવેલા ૧૨ માસખમણ ને ૩૪ સોળભત્તા વિગેરે ઉપરાંત ૧૨૦ દશ ઉપવાસ, ૪ નવ ઉપવાસ, ૫૩ અઠ્ઠાઇઓ અને છ પાંચ ચાર ત્રણ ઉપવાસ તો પુષ્કળ થયા છે. તપસ્યાવાળાની સંભાળ રાખવા શ્રી સંઘે ખાસ પાંચ ગૃહસ્થોની કમીટી નીમી હતી. તેમણે સારસંભાળ બહુ સારી રાખી છે. તપસ્વીઓને શા. લહેરચંદ મોહનલાલે પારણા બહુ શ્રેષ્ટ રીતે કરાવ્યા છે. ઉપરાંત મોટા સાધર્મી વાત્સલ્યો પણ થયા છે. પારણા કર્યા પછી આરોગ્યતા જાળવવા માટે પંન્યાસજી શ્રીભક્તિવિજયજી મહારાજના ઉપદેશથી બહુ સારી સંભાળ રહી છે, તેથી સર્વે તપસી આરોગ્ય રહ્યા છે.

ભાદરવા શુદિ ૭ થી શુદિ ૧૪ સુધી મોટા પાયા ઉપર અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો છે. શુદિ ૧૪ શે શ્રી વિજયધર્મસૂરિ મહારાજની જયંતિ બહુ સારી રીતે ઉજવાણી છે. હવે પછી ઉપધાન વહેવરાવા સંબંધી પણ નિર્ણય થઈ ગયો છે. બે ગૃહસ્થોએ તે ખર્ચ સ્વીકારી લીધા છે.

---

## સંબોધ સત્તરી પ્રકરણ ભાષાંતર સહિત.

ગાથા ૧૨૫ અર્થ સહિત અને તેમાં આવેલા અનેક વિષયોની અનુક્રમણિકા સાથે, સભા તરફથી છપાવીને બીજી આવૃત્તિ તરીકે હાલમાં બહાર પાડવામાં આવી છે. કિંમત ત્રણ આના રાખેલી છે.

સાધુ સાધ્વીને તેમજ સંસ્થાઓ વિગેરેને ભેટ આપવા માટે નકલ ૫૦૦ આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ તેમના સદ્ગત પત્ની રૂપાળીના શ્રેયાર્થે રાખેલી છે. મંગાવનાર સંસ્થા વિગેરેએ પોસ્ટેજ એક આનો મોકલવો.

---

## શ્રી પાક્ષિક સૂત્ર, શ્રમણ સૂત્રાદિ સંગ્રહ.

(સંસ્કૃત છાયા ને ગુજરાતી અર્થ સહિત.)

આ પ્રતાકારે બહાર પાડેલ બહુ ઉપયોગી પુસ્તક છે. ગુરૂણીજી લાભશ્રીજીનો એમાં ઘણો પ્રયાસ છે ને શ્રાવિકાસમુદાયની આર્થિક સહાય છે. સાધુ સાધ્વીને બહુજ ઉપયોગી છે. અર્થ ટીકાને આધારે વિસ્તારથી આપવામાં આવેલ છે. ચાર પાક્ષિક ખામણા ને આહારના ૪૭ દોષ પણ આપેલ છે. કિંમત રાખવામાં આવી નથી. સમુદાયના આગેવાનીના પત્રથી જરૂર પૂરતી ભેટ મોકલાય છે. પોસ્ટેજ ચાર આના લાગે છે તે મંગાવનારે શ્રાવકદ્વારા મોકલવુ પડે છે. આ બાબત પત્ર ગુરૂણીજી શ્રી લાભશ્રીજી ઉપર રાધણપુરી બજારમાં શ્રાવિકાને ઉપાશ્રયે. ભાવનગર–કરીને લખવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

### ૧ છપાયા છે.

૧ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી.
૨ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર--વિભાગ ૨ જો.
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી.
૪ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭-૮-૯ (આવૃત્તિ ત્રીજી.)
૫ શ્રી વર્ધમાન દેશના પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય ( જૈન ધર્મ પ્રકાશમાંથી )
૭ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. આવૃત્તિ ૩ જી.
૮ ચઉસરણ વિગેરે ચાર પયન્ના મૂળ. આવૃત્તિ ત્રીજી.
૯ સજ્ઝાયમુક્તાવળી વિગેરે.

### ૨ તૈયાર થાય છે.

૧૦ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૧૧ શ્રી પ્રકરણ પુષ્પમાળા વિભાગ ૩ જો. ( નાના નાના પ્રકરણો–સાર્થ. )
૧૨ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૧૩ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)
૧૪ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ. કથાઓ સહિત.

## સંબોધ સત્તરી પ્રકરણ. ભાષાંતર સહિત.

ગાથા ૧૨૫ અર્થ સહિત અને તેમાં આવેલા અનેક વિષયોની અનુક્રમણિકા સાથે સભા તરફથી છપાવીને બીજી આવૃત્તિ તરીકે હાલમાં બહાર પાડવામાં આવી છે. કિંમત ત્રણ આના.

સાધુ સાધ્વીને તેમજ સંસ્થાઓ વિગેરેને ભેટ આપવા માટે નકલ ૫૦૦ આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ તેમના સદ્ગત પત્ની રૂપાળીના શ્રેયાર્થે રાખેલી છે. મંગાવનાર સંસ્થા વિગેરેએ પોસ્ટેજ એક આનો મોકલવો.

### વાર્તાના રસિયા માટે નાના નાના ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ જય વિજય કથા. | ૦–૩–૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦–૩–૦ |
| ૩ શુકરાજ ચરિત્ર. | ૦–૪–૦ | ૪ રત્નવતી વિગેરેની કથા. | ૦–૪–૦ |
| ૫ સુરપાળ વિગેરેની કથા. | ૦–૩–૦ | ૬ યશોધર ચરિત્ર. | ૦–૬–૦ |
| ૭ બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦–૪–૦ | ૮ છ મોટી કથા. | ૦–૩–૦ |
| ૯ તેર કાઠીયાની કથા. | ૦–૩–૦ | ૧૦ ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૧ રતિસાર ચરિત્ર. | ૦–૩–૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૩ નળ દમયંતી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૪ સ્થૂલભદ્ર ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૫ સુરસુંદરી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦–૬–૦ |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂ. ૩) લેવામાં આવશે.

For Private And Personal Use Only